રાજ્ય લેખમાળા નં. ૨૪

ઑલઇન્ડિયા મુસ્લીમ લીગના ૧૯૧૮ ની
દીલ્હી ખાતેની બેઠકમાં

આનરેબલ મી૰ ફઝલુલ હક્કે

પ્રમુખપદેથી આપેલું ભાષણ

હોમ રૂલ લીગ,
૨૫૧ હોર્નબી રોડ, કોટ, મુંબઇ.

પ્રત ૨૫,૦૦૦]   કીંમત બે આના.   [જાનેવારી ૧૯૧૯]

Printed by M. N. Kulkarni, at the Karnatak Printing Press,
No. 431, Thakurdwar, Bombay,

and Published by Umar Sobani, 251, Hornby Road,
Fort, Bombay.

મુસ્લીમ લીગના બંધુઓ અને સદ્‌ગૃહસ્થો,

હિન્દુસ્તાન રૂપી ખંડના એક ખુણામાંથી મારા જેવા માત્ર મધ્યમ સ્થિતિના માણુસને, મુસ્લીમ રાજકીય મતના ઉત્તમ પ્રતિનિધિઓના બનેલા અને આધુનિક જમાનાની આકાંક્ષાઓને હિન્દના રાષ્ટ્રીયત્વ માટે પ્રગતિ અને સ્વતંત્રતાની વધારે ઉચ્ચ અને ઉત્કૃષ્ટ ભાવનાઓથી ગ્રથિત કરતા આદર્શો રજુ કરતા સંમેલનના કામકાજ પર પ્રમુખ પદે બેસવાની જોખમદારી માથે લેવાને તમોએ આમંત્રણ કર્યું છે, અને એક નમ્ર સાથીને તમોએ જે માન આપ્યું છે તે અપાર છે અને તે માટે હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. પરંતુ ખાસ કરીને હાલના સમયે કે જ્યારે મુસ્લીમ પ્રજાના રાજકીય દિગ્મંડલ પર જે અંધકારમય અને અશુભ કારી ઘટા છવાઈ રહી હતી તે આખરે પૃથ્વીના સઘળા પ્રદેશોમાં આપણા સધર્મીઓના મસ્તકો પર તુટી પડવાની દહેશત નાંખે છે તે વખતે સદરહુ માન સાથે જે જોખમદારી રહેલી છે તે પણ સપ્રમાણ છે. આપણી કોમના ઇતિહાસના આવા સૌથી કટોકટીના પ્રસંગે, મુસ્લીમ લીગના પ્રમુખનીસ્થિતિ અપૂર્વ મુશ્કેલીવાળી છે અને જે મોટા બંધારણના હોવાનું આપણુને માન ઘટે છે તેને લાયક અને હિન્દના મુસલમાનોની રાજકીય પ્રવૃત્તિઓને વર્ધ્ધમાન અને સુવ્યવસ્થિત ખીલવણીના માર્ગોએ દોરવાના તેના પૂર્વ સંપ્રદાયને અનુસરતું થાય તે રીતે સભાનું કામકાજ ચલાવવામાં મને તમો સર્વે ઉદારપણે મદદ કરશો એવી હું આશા રાખું છું.

મુસ્લીમોની તુર્કીને લગતી દહેશતો.

બંધુઓ, છેલ્લા ચાર વર્ષો કે જ્યારે સમસ્ત જગતમાં લાખો કુટુંબોપર મૃત્યુની છાયા પ્રસરેલી સહિત આપણે ચર્ચા માટે એકત્ર થતા હતા તેના કરતાં આજ આપણે કાંઈક જુદાજ સંજોગો વચ્ચે મળીએ છીએ. યુદ્ધનો શોર અને હથિયારોનું સંઘર્ષણ બંધ થયું છે, અને જન સમાજને થયલું નુકસાન અને કેળવણી અને સુધારાને પહોંચેલી હાનિ દુરસ્ત કરવાને શ્રમિત જગતને સંપૂર્ણ તક મળે એવી ચિરસ્થાયી શાંતિની આપણે સઘળા અપેક્ષા રાખીએ છીએ. પરંતુ સુલેહ હજુ દુરસ્થ છે

અને યુરોપની પ્રજાઓના પરસ્પર દ્વેષ અને કીનાખોર અદેખાઈ એક ખરી અને કાર્યસાધક સુલેહની જરૂરીઆતો ને કેવીરીતે એકરાગ થશે તેની આગાહી કરવી મુશ્કેલ છે. આખી દુનિયાના મુસલમાનોના દીલમાં આધુનિક સમય ભારે ચિંતા ઉત્પન્ન કરતો હશે. લડાઈ કે જે એકાએક નાટકીય રીતે મિત્રરાજ્યોના હર્ષમાં બંધ થઇ છે તે મુસલમાનોના મનપર અનિષ્ટ સૂચન કરેછે. નાના રાજ્યોની સ્વતંત્રતાને માન આપવાની તેમની ઉત્સુકતાના બડાઇભરેલા વચનો છતાં, દુનિયાના મુસલમાન રાજ્યો એક પછી એક યુરોપના ખ્રીસ્તી રાજ્યોની જમીનની ભૂખના ભોગ થઈ પડ્યા છે. નબળા સામેની બળવાન રાજ્યની વિના કારણ ચઢાઇથી, જે શોકજનક સ્થિતિ બનેછે તે મોરક્કો, ટ્યુનિસ અને ઍલજીઅર્સ બતાવી આપેછે. થોડાજ વખતની વાતપર, ઈરાનની બેહાલતની હકીકત સાંભળી મુસ્લીન પ્રજાને કમકમાટ ઉપજ્યો હતો. અને હવે યુરોપની ખ્રિસ્તી પ્રજાઓ તુર્કીના વિભાગ કરવાના વિચારમાંજ આનંદ માને છે. આપણે હિન્દુસ્તાનના મુસલમાનોને તુર્કીનું ભવિષ્ય બેશક મોટી ચિંતાનું કારણછે કારણકે તેની સાથે **ખલીફાત**નો તેમજ ઇસ્લામના પવિત્ર સ્થળોના રક્ષણનો પ્રશ્ન જોડાયલો છે. આપણને અનેક વખત કહેવામાં આવેછે કે કોઇ પણ મોસ્લીમ રાજ્યકર્તા કરતાં ઈંગ્લાંડ વધારે મુસલમાનો પર રાજ્ય ચલાવેછે. પણ અનેક વખતે ઈંગ્લાંડના રાજ્યના જવાબદાર પ્રધાનોએ હિન્દુસ્તાનમાં રહેલી શહેનશાહની મુસલમાન પ્રજાની લાગણી અને ભાવનાઓની તદ્દન અવગણના કરીછે. ભૂતકાળની બ્રિટિશ રાજ્યનીતિના પરિણામો તરફ દુર્લક્ષ કરવા આપણે તૈયાર છીએ પરંતુ બ્રિટિશ રાજ્યદ્વારીઓને યાદ આપવાનો વખત આવ્યો છે કે એક તાબાની પ્રજાની વફાદારી પર હદબહાર દબાણ ચલાવવું એ રાજકીય દૃષ્ટિથી અયોગ્ય છે અને ઇતિહાસના પાઠનું ઉલ્લંઘન કરેછે. "ઘાસના છેલ્લા તણખલાથી જ ઉંટની પીઠ ભાંગેછે." એવી મતલબની કહેવત અંગ્રેજીમાં છે. અને જો કે ઉંટકરતાં પણ હિન્દી મુસલમાન વધારે અદ્ભુત સહન શકિત બતાવેછે છતાં આટલું આપણા રાજ્યકર્તાઓએ ધ્યાનમાં રાખવું જોઇએ કે એવા એવા વખતો આવેછે કે જયારે વફાદારીના યજ્ઞમાં અપાતા સતત અને અનંત બળિદાનને પરિણામે કુદરત પણ છેવટે સામી થાય છે. દુનિયામાંથી ઇસ્લામની લશ્કરી સત્તા વસ્તુતઃ નાશ કરવાથી હિન્દના વફા-

દાર મુસલમાનોના હૃદયમાં પણ ભારે અસર થયાવિના રહેશે નહિ એ બતાવી આપવા માટે કાંઇ પણ દલીલની જરૂર નથી. આ કારણુથી આગામી સુલેહની પરિષદ્‌માં હિન્દના મુસલમાનો તરફથી એક પણ પ્રતિનિધિ હાજર રહેશે નહિ તેમજ નામદાર શહેનશાહની સાત કરોડની પ્રજાના વિચારો અને લાગણીઓ સાથે સંબંધ ધરાવનારા પ્રશ્નોનો નિર્ણય તેમના હિતસંબંધ માટે યોગ્ય પ્રતિનિધિ વગર કરવામાં આવશે એ શોક જનક છે. હાલમાં જવાબદાર બ્રિટિશ પ્રધાનોએ જે ભાષણો કર્યાં છે તે પરથી આપણને સંતોષ વળે તેમ નથી. લૉર્ડ રોબર્ટ સેસિલે થોડાજ વખત પર પાર્લામેન્ટમાં જણાવ્યું હતું કે પોતાની હાથનીચેની પ્રજા પર રાજ્ય ચલાવવામાં તુર્કોએ સંપૂર્ણ અશક્તિ બતાવી છે. તેમજ મિત્રરાજ્યો તુર્કોના સંબંધમાં શી યોજના કરવા માંગેછે તેવિષે તેમણે ખુલ્લેખુલ્લી સૂચના કરી હતી.

હિન્દમાં ઇંગ્લાંડને મળેલી તક.

પરંતુ હું એમ પુછું છું કે તાબાની પ્રજાપર રાજ્ય ચલાવવામાં શું ઈંગ્લાંડે કાંઇપણ ઉચ્ચ લાયકાત બતાવી છે ? મોટી મોટી વાતો અને નાના નાના કામ એ અંગ્રેજોના અનેક અને વિવિધ હકોમાંનો એક હોય પરંતુ પોતાના દેશબંધુઓની હિન્દમાંની રાજ્યનીતિપર ઇતિહાસનો શું અભિપ્રાય આવવાનો સંભવ છે તેનો તેઓ ગંભીરતાથી વિચાર કરે છે ખરા ? સામાન્ય અંગ્રેજને તો હિન્દુસ્તાનનું હાલનું રાજ્યતંત્ર એ બ્રિટિશ પ્રજાની રચના શક્તિનું અને પૂર્વના રાજ્ય વહિવટ ચલાવવામાં ઈંગ્લાંડના અપૂર્વ વિજયનું શાશ્વત સ્મરણ ચિહ્ન લાગેછે. સને ૧૮૩૨ પહેલાં બ્રિટિશ રાજ્ય બંધારણ સંબંધી ગ્રાન્ડડયુકનો જે અભિપ્રાય હતો તેવોજ અભિપ્રાય હાલ હિન્દી રાજ્યતંત્ર માટે અંગ્રેજો રાખેછે. તે સ્વર્ગથી ઉતરી આવેલું છે; તે પવિત્ર છે; વાઇસરૉય અને હિન્દી વજીર પણ હિન્દી સુધારાના પોતાના રીપોર્ટમાં હિન્દનું હાલનું રાજ્યતંત્ર યોજનારા અંગ્રેજોના ઉચ્ચ હેતુ અને માનનીય આદર્શની ભારે પ્રશંસા કરવા ચુકયા નથી. ઈંગ્લાંડે હિન્દમાં બજાવેલી સેવામાટે કોઇપણ અંગ્રેજને યોગ્ય અભિમાન ઉત્પન્ન થવાના કારણોછે એ વિષયમાં બ્રિટિશ રાજ્યના કોઈપણ પ્રમાણિક ટીકાકારે ઇન્કાર કર્યો નથી. ઇંગ્લાંડે મનુષ્ય જાતને સૌથી મોટું સુખ જે સુલેહ-શાંતિ છે તે હિન્દી પ્રજાને આપ્યુંછે. તેણે પાશ્ચિમાત્ય કેળવણી દાખલ

કરીને એક પ્રાચીન સુધારાવાળી પ્રજાને આધુનિક વિચાર, વિજ્ઞાન, સંસ્થાઓ અને જીવનના સમાગમમાં આણીછે. તેણે રાજ્યવહિવટનું એવું તંત્ર રચ્યુંછે કે જેમાં સમયને યોગ્ય સુધારા કરવાની જરૂર હોવા છતાં તે મજબૂત અને કાર્યસાધક નીવડયું છે. તેણે ડહાપણ ભરેલા કાયદા ઘડયાછે, ન્યાયની અદાલતો સ્થાપી અને પૃથ્વીના કોઇ પણ રાજ્યમાં હોય એવો સંપૂર્ણ નિર્મળ ન્યાય ત્યાં અપાય છે. આ આપણે ખુશીથી કબૂલ છીએ. અને તેમાટે ઈંગ્લાંડને ચિરસ્થાયી માન અને કીર્તિ ઘટેછે એ અમે ખુશીથી સ્વીકારીએ છીએ. પણ આ સ્થિતિની બીજી બાજુ પણ તપાસવાની છે. અંગ્રેજો તે વારંવાર ભૂલી જાયછે અને હિન્દમાં પોતાના દેશબંધુઓના કાર્ય તરફ વિચાર કરતાં અંગ્રેજોને જે આત્મસંતોષની લાગણી થાયછે તે નરમ કરવા સારૂ ખરેખરી બીનાઓનો તાદૃશ ચિતાર આપવો જરૂરનોછે. હિન્દમાં ઉત્કૃષ્ટ અને લાભદાયક વહિવટ ચલાવીને ઇતિહાસમાં અમર નામ મુકી જવાની ઇંગ્લંડને અપૂર્વ તક હતી એમ કોઇપણ અંગ્રેજ પ્રમાણિકપણે ના કહી શકશે નહિ. અંદરના વિગ્રહ અને કલહથી હિન્દુસ્તાનની દુઃખી અને દયાજનક સ્થિતિમાં નિયમિત રાજ્યતંત્ર અને શાંતિ અર્પવાને પરમેશ્વરે ઈંગ્લાંડને મોક્ષદાતા તરીકેજ મોકલ્યુંછે એમ માની હિન્દુસ્તાને આવકાર આપ્યો. હિન્દુસ્તાનની આ સ્થિતિની સરખામણીમાં ઉતરે એવો દુનિયાના ઇતિહાસમાં એકપણ દાખલો નથી. તેમજ ઉચ્ચ રાજ્યતંત્રના જે સિદ્ધાંતોથી પશ્ચિમની પ્રજાઓએ જેવી રીતે અનેક વખત પૌર્વાત્ય પ્રજાને મુગ્ધ કરીછે તે પ્રકારના ઉચ્ચ અને ઉદાર રાજકીય આદર્શો જાહેર કરી એક વિશ્વાસુ પ્રજાપર સત્તા જમાવી રાજ્યદંડ ધારણ કરીને ઇંગ્લાંડે એ જુમેદારી સ્વીકારી. એક બાજુ પ્રજા તરફથી સંપૂર્ણ વિશ્વાસ હતો અને બીજી તરફ રાજ્ય કર્તા કોઇપણ પ્રજાને આપી શકે એવા ઉચ્ચ વચનો પ્રતિજ્ઞાપૂર્વક અપાયાં હતાં. બ્રિટિશ રાજ્યના છેલ્લાં દોઢસો વર્ષમાં હિન્દુસ્તાને ઈંગ્લાંડમાં મૂકેલા વિશ્વાસને શું માન આપવામાં આવ્યુંછે અને એ પ્રતિજ્ઞાઓ શી રીતે પાળવામાં આવી છે ? એ પ્રકારના ટીકાકારો આ પ્રશ્નનો જુદો જુદો પ્રત્યુત્તર આપે છે. બ્રિટિશ રાજ્યના હિમાયતીએ દેશની અને પ્રજાની વધતી જતી આબાદીને વારંવાર આગળ ધરેછે જ્યારે તેમના પ્રતિસ્પર્ધીઓ પ્રજા તેમજ દેશની ત્વરાથી વધતી ભયંકર ગરીબાઈ પર નિરંતર વિસ્તૃત વિવેચન કરેછે. એકમેકથી વિરૂદ્ધ આ બન્ને અભિપ્રાય

સત્ય હોઈ શકે નહિ. આપરથી એ પ્રશ્ન ખડો થાયછે કે બેમાંથી કયો અભિપ્રાય સત્યછે? હિન્દુસ્તાનની આર્થિક સ્થિતિવિષે સહેજ વિચાર કરતા આપણને ખરો ઉત્તર મળી શકશે.

લૉર્ડ જ્યૉર્જ હેમિલ્ટને સુચવેલી કસોટી.

આસરે સત્તર વર્ષ અગાઉ તે વખતના હિન્દી વજીર લૉર્ડ જ્યૉર્જ હેમિલ્ટન ૧૬ મી ઑગસ્ટ સને ૧૯૦૧ ને રોજ હિન્દને લગતું વાર્ષિક અંદાજ પત્ર રજુ કરતાં હેઠળ પ્રમાણે બોલ્યા હતાઃ—

“ આ દેશમાં (ઈંગ્લાંડમાં) તેમજ હિન્દમાં એક નાનો પક્ષ છે જે એમ કહે છે કે આપણું રાજ્ય હિન્દનું લોહી ચૂસી લેય છે. હું એકદમ કબૂલ કરૂં છું કે હિન્દુસ્તાન આબાદાનીમાં પાછળ પડયું છે એમ જો બતાવી આપવામાં આવે તો તેજ આપણા રાજ્યને એક નામોશી સમાન છે. અને આપણને એ દેશનો કાબુ હવે પછી સોંપાવો જોઇએ નહિ.”

ઉપરના શબ્દોમાં જે દાવો કરવામાં આવ્યો છે તેથી જુદા જુદા સિધ્ધાંતોનો પ્રશ્ન ઉભો થાય છે. અને હિન્દમાં બ્રિટિશ રાજ્યના ખરે ખરાં અને સ્પષ્ટ પરિણામની આપણે તુલના કરી શકીએ તે માટે કસોટી પ્રાપ્ત થાય છે. એટલું યાદ રાખવું જોઇએ કે એ કસોટી કાંઈ જેવા તેવા શખ્સે નહિ પણ ખુદ હિન્દી વજીરે જાહેર કરેલી છે અને એવી કસોટીના પરિણામે અધિકાર વર્ગે ચઢતી પડતી માટે તત્પર રહેવું જોઇએ.

હિન્દમાં દુકાળો.

ખરી બીનાઓ શું છે? હાલની હિન્દી પ્રજાના જીવનનો સૌથી દુઃખદાયક બનાવ તો એ છે કે આખી દુનિયામાં કોઈ પણ સ્થળે જોવામાં ન આવતા હોય એવા ભયંકર દુષ્કાળો લાગલાગટ પડ્યા કરેછે. આ બાબત એટલી સાધારણ થઈ પડીછે. કે હિન્દને દુષ્કાળથી પીડાવાનો અસાધ્ય રોગ લાગુ પડેલો ગણવામાં આવેછે. દુકાળમાં પડતા સખ્તમાં સખ્ત સંકટ અને વિનાશથી લોકો પર અસાધારણ ભયની લાગણીથતી બંધ થઈ છે. અનિવાર્ય દુઃખોમાં ધૈર્ય રાખવું એજ પૌર્વાત્યનો અંતનો ઉપાયછે તેને અનુસરીને હિન્દી હવે એમ માને છે કે દુષ્કાળો જાચુની

આફ્તછે અને તેથી તેના સાધારણ જીવનતંત્રની સઘળી માર્મિક લાગણીઓ એજ દુઃખી ભાવનાથી ગુંથાયલી હોય છે. આ હકીકતો આપણા રાજ્ય-કર્તાઓને પણ સ્વીકારવી પડી છે, જો કે તેમાં પોતાના દોષોનો ઈન્કાર કરી તેઓ દુષ્કાળની સર્વ જુમેદારી નિષ્કાળજીવાન્ અને તરંગી પરમેશ્વરના શિર પરજ નાંખેછે. એટલું તો ખરૂં છે કે હિન્દુસ્તાન જેવો વિશાળ અને અસંખ્ય વસ્તી વાળો દેશ દુષ્કાળથી સંપૂર્ણ મુકત રહે એ અસંભવિતછે. અને બ્રિટિશ રાજ્યની સ્થાપના પહેલાં હિન્દુસ્તાનમાં દુષ્કાળ પડતા હતા એ વાતનો કોઈ પણ ઈન્કાર કરતું નથી. હિન્દુસ્તાનમાં મુસલમાન રાજ્યના બનાવોની સપ્રમાણ તવારીખ મુસલમાન ઇતિહાસકર્તાઓ લખી ગયાછે અને તે પરથી બ્રિટિશ રાજ્યની સ્થાપના થયાં પહેલાંના અને પછીના દુષ્કાળોની તુલના કરવી એ કાંઇ કઠણ નથી. સંભાળપુર્વક વિચાર કરવાથી જણાય છે કે બ્રિટિશ રાજ્ય પહેલાંના નીચે આપેલા ત્રણ મુદ્દાઓનો ભેદ છે. પહેલાંના દુષ્કાળો માત્ર સ્થાનિક હોઇ પ્રમાણ અને ભયંકરતામાં ઘણા ઓછા હતા. અને હમણાના જેટલા નાશકારક નહતા. મી. ડિગબી એ (બ્રિટિશ હિન્દુસ્તાનની આબાદી નામના પોતાના પુસ્તકમાં) હેઠળ પ્રમાણે તેનું કોષ્ટક આપ્યું છે.

૧૧ મી સદીમાં એ દુકાળ પડ્યા હતા જે અમુક પ્રાંતમાંજ હતા.
૧૩ મી સદીમાં દીલ્હીની આસપાસ એક દુકાળ.
૧૪ મી સદીમાં ૩ સ્થાનિક દુકાળ
૧૫ મી સદીમાં ૨ સ્થાનિક દુકાળ
૧૬ મી સદીમાં ૩ સ્થાનિક દુકાળ
૧૭ મી સદીમાં ૩ સામાન્ય દુકાળો પડ્યા હતા. વિસ્તાર આપેલો નથી.

૧૮ મી સદીમાં (૧૭૪૫ સુધી) વાયવ્ય પ્રાંતોમાં ૪ દુકાળ અને દીલ્હી અને સિન્ધમાં એ દુકાળ પડયા હતા.

મુકાબલા માટે આપણે એકલી ૧૯ મી સદી લઇશું અને ખરે-ખરા સત્તાવાર દફ્તરોમાંથી આપણને હેઠળની બીનાઓ મળે છેઃ—

૧૯ મી સદીના પહેલા ૨૫ વર્ષમાં પાંચ દુકાળથી ૧૦ લાખ મરણ
,, ,, બીજા ૨૫ ,, બે ,, ૫ લાખ મરણ

,,	,,	ત્રીજા ૨૫	,,	૬	,,	૫૦ ,, ,,
,,	,,	ચોથા ૨૫	,,	૧૮	,,	૨ ૧/૨ કરોડ મરણ.

૧૮૫૪ થી ૧૯૦૧ સુધીમાં દુકાળથી કુલ્લે ૩ કરોડ માણસનાં મરણ થયાનું સત્તાવાર નોંધાયલું છે. મી. ડીગબી કહે છે કે અડસટે કહીએ તો દુકાળો અને તંગીઓ ૧૦૦ વર્ષ પહેલાં હતી તેના કરતાં ૧૯ મી સદીના છેલ્લા ૩૦ વર્ષમાં ચાર ઘણી વધારે છે અને ચાર ઘણી વધારે વિસ્તૃત થયલી છે. મી. રોમેશચંદ્ર દત્ત જણાવે છે કે જે દુકાળોએ છેલ્લાં ૨૫ વર્ષમાં હિન્દનું નિકંદન કાઢયું છે તે પ્રાચીન યા અર્વાચીન સમયની તવારીખમાં અપૂર્વ સખ્તાઇથી અને વિશાળપણે ફેલાયલા છે. સાધારણ રીતે ગણીએ તો, સને ૧૮૭૭ અને ૧૮૭૮, ૧૮૮૪ અને ૧૮૯૨, ૧૮૯૭ અને ૧૯૦૦ ના દુકાળોથી દોઢ કરોડ માણસો માર્યા ગયાં છે. સાધારણ કદના યુરોપના એક દેશના જેટલી વસ્તી છેલ્લા ૨૫ વર્ષમાં હિન્દમાંથી ઘસડાઇ ગઈ છે. મધ્યમ વયના સ્ત્રી પુરૂષોના સ્મરણમાં હશે એટલા સમયમાં ઈંગ્લાંડની અર્ધી વસ્તી જેટલા માણસો હિન્દમાં દુકાળોથી મરણ પામ્યા છે." (પ્રારંભના બ્રિટિશ રાજ્ય દરમિયાન હિન્દનો આર્થિક ઇતિહાસ). મી. ડીગબી ગણત્રી કરે છે કે જ્યારે આખી દુનિયામાં ૧૦૭ વર્ષ દરમિયાન (૧૭૯૩ થી ૧૯૦૦) ૫૦ લાખ માણસો માર્યાં ગયાં હતાં ત્યારે એકલા દુકાળોથીજ માર્યાં ગયલાં માણસોની સંખ્યા હિન્દમાં દશ વર્ષમાં (૧૮૯૧ થી ૧૯૦૦) ૧ કરોડ અને ૯૦ લાખ ઉપર થવા જાય છે.

સરકારની જોખમદારી.

આ દુષ્કાળોની નિત્યતા અને નાશકારકતા પુરવાર કર્યા પછી સહજ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે શા કારણને લીધે આમ વારંવાર દુષ્કાળો પડે છે. બ્રિટિશ રાજ્ય નીચેના હિન્દુસ્તાનના આર્થિક ઇતિહાસમાં એનો ઉત્તર સ્પષ્ટ અક્ષરોથી લખાયલો છે. આ દુષ્કાળો, તેથી નીપજતાં મૃત્યુની સંખ્યામાં અતિ દુઃખદ છે છતાં એ દુષ્કાળ આપણને એથીપણ વધારે અનિષ્ટ—હિન્દીપ્રજાને ચાલુ વધતી જતી સંતાપકારક ગરીબાઇ—બતાવી આપે છે; મનુષ્યની શકિત બહારના દુઃખ અને સંતાપો માટે બ્રિટિશ રાજ્યના ટીકાકારો સરકારને જોખમદાર ગણેછે એમ અનેકવખત

અધિકારીઓ ફરિયાદ કરે છે. તેઓ એમ રજુ કરે છે કે દુષ્કાળ એ વર્ષાદની નિષ્ફળતાનું પરિણામછે અને એ માત્ર કુદરતની વિચિત્રતા હોવાથી તેમાં મનુષ્યને કાંઇપણ સત્તા નથી. આ સત્યસાદૃશ અભિપ્રાય ખરા સત્યને છુપાવે છે. વરસાદની તાણથી કે ચોમાસાંના તોફાનથી પાકની નિષ્ફળતા અથવા ખોરાકને લગતી વસ્તુઓની ન્યૂનતા થાય પરંતુ દુષ્કાળ જેવી સ્થિતિમાં ખોરાકની ન્યૂનતાને લીધે જે મરણો થાય છે તેનું મુખ્ય કારણ તો એજ છે કે લોકો કોઇપણ પ્રકારની ક્ષુદ્ર તાણ પણ સહન કરી શકે એમ નથી. તેઓ એટલા તો સાધન રહિત અને ગરીબ હોય છે કે જ્યારે તેમના પ્રાંતમાં દુષ્કાળ પડે છે ત્યારે તેમની નજદીકના પ્રાંતમાં જો સારો પાક થયો હોય તો પણ તેઓ અન્ન ખરીદ કરી શકતા નથી. અમુક પ્રદેશમાં ખોરાકની ન્યૂનતા કદાચ કુદરતી કારણોને અવલંબીને હોય પરંતુ તેની સામે થવાની અશકિત એ એક પ્રજાની ગરીબાઇનું સ્પષ્ટ પરિણામ છે. વરસાદની નિષ્ફળતાને લીધે અમુક પ્રાંતોમાં કદાચ પાક ન થાય પરંતુ વિકટ દુષ્કાળો તો માત્ર લોકની ગરીબાઇને લીધેજ પડેછે હિન્દી પ્રજાની દેખીતી ભયંકર ગરીબાઇ પૂરવાર કરવાને માટે વખત ગુમાવવાની કાંઈપણ જરૂર નથી. **સત્તાવાર રીતે કબૂલ કરવામાં આવ્યું છે કે સામાન્ય હિન્દીની સરાસરી વાર્ષિક આવક બે પાઉંડ કરતાં પણ ઘણી ઓછી હોય છે જ્યારે યુનાઇટેડ કિંગ્ડમમાં પ્રત્યેક સામાન્ય માણસની વાર્ષિક આવક ૪૫ પાઉન્ડ હોય છે,** મી. દત્ત કહે છે કે (વીકટોરીઆના સમયમાં હિન્દની સ્થિતિએ પુસ્તકમાં) બહુ ધનિક પ્રાંતો બાદ કરતાં સાધારણ ખેડુતને રોજના ત્રણ આના પણ મળતા નથી. તેની સરાસરી રોજની કમાણી બે આના જેટલી પણ ભાગ્યેજ થાય. આવી સ્થિતિમાં તેની વિકટ ગરીબાઇ અને આનંદશૂન્ય જીવનનું વર્ણન કરી શકાય નહિ. તેની ઝુંપડી કવચિતજ ફરીથી સમારવામાં આવેછે અને વરસાદ કે ઠંડીમાંથી તેને નહિજેવું રક્ષણ મળેછે. તેની સ્ત્રી ફાટ્યા તુટ્યા ગાભા પહેરેછે અને એના નાના બાળકો નવસ્ત્રાં ફરેછે. તેની પાસે કાંઇ પણ રાચરચીલું હોતું નથી અને ઠંડી ઋતુમાં જો એકાદ જુનો કામળો હોય તો તે વિલાસનું સાધન ગણાયછે. જો તેના છોકરાં ઢોર સંભાળે અથવા તો તેની સ્ત્રી કાંઇ કામ કરીને તેની કમાણીમાં મદદ કરે તો તે પોતાને સુખી માને છે. વરસોના વરસ સુધી હિન્દી ખેડુતે

અને તેમના કુટુંબો ભૂખમરાથી પીડાય છે એ અલંકાર નહિ પણ સત્ય હકીકત છે. ગરમ પ્રદેશોમાં જોઇએ તો તે કરતાં પણ ઓછા ખોરાક પર તેમને ઉછેરવામાં આવે છે અને તેથી નબળાં શરીરની, નીચા કદની, અને રોગ પ્લેગ ને દુષ્કાળમાં સહેલાઇથી ભોગ થઈ પડે એવી પ્રજા ઉત્પન્ન થાય છે. ”

છતાં ઇતિહાસના પ્રારંભના સમયથીજ હિન્દુસ્તાનની પ્રજા ધન અને આબાદીને માટે જાણીતી હતી. એના અપાર ધનથી પશ્ચિમની પ્રજાનો લોભ જાગ્રત થયો હતો અને એના વ્યાપાર રોજગારથી જગત્‌ની પ્રજાઓ અદેખાઈ અને વિસ્મય પામતી હતી. આ ધન વ્યાપાર અને આબાદીને લીધેજ પરદેશી પ્રજાઓના વ્યાપારીઓ હિન્દુસ્તાન તરફ આકર્ષાયા હતા પણ માત્ર ઝાંખા ભૂતકાળનીજ કીર્તિથી હિન્દુસ્તાનને અભિમાન ધારણ કરવું પડે છે એમ નથી. બ્રિટિશ રાજ્યના પ્રથમ પ્રારંભમાંજ હિન્દુસ્તાનની આબાદી વિષે અંગ્રેજી લેખકો એ અભિપ્રાયો આપેલા છે. સો વર્ષ પહેલાં એક એવો સમય હતો કે એકલું બંગાળાજ યુનાઇટેડ કિંગ્ડમ કરતાં વિશેષ ધનવાન્ હતું. ૧૭૫૭ માં કલાઇવ જ્યારે મુર્શીદાબાદ આવ્યો ત્યારે તેણે શહેરનું વર્ણન કરતાં જણાવ્યું છે કે “ મુર્શીદાબાદ લંડન શહેર જેટલુંજ વિશાળ અને ધનિક છે; માત્ર એટલોજ ફેર છે કે અત્યંત મોટી મિલકત ધરાવનારા પુરૂષોની સંખ્યા લંડન કરતાં પણ આ શહેરમાં વિશેષ છે. ” સર હેનરી કૉટન કહે છે કે સોથી પણ ઓછા વર્ષ પહેલાં માત્ર ઢાકાનોજ વ્યાપાર એક કરોડ રૂપિયા જેટલો હતો. અને વસ્તી બે લાખ માણસની હતી.”

હિન્દુસ્તાન માટે ભૂલ ભરેલા વિચારો

ઘણીવખત એવુ કહેવામાં આવેછે કે અનેક ઠેકાણે મોટાં શહેરો બંધાય છે વ્યાપાર રોજગારના પ્રમાણમાં વધારો થતો જાયછે અને દેશમાં વિલાસના સાધનો માટે પુષ્કળ માગણી થાયછે એ બ્રિટિશ રાજ્ય નીચે હિન્દુસ્તાનની વધતી જતી આબાદીનું સ્પષ્ટ ચિન્હછે. માત્ર સપાટીપર અવલોકન કરનારને કે રજાના દિવસોમાં મજા શોધનાર મુસાફરને નક્કી એજ અસર થાય. પરંતુ એ અસર તો ભૂલ ભરેલી છે અને તે માત્ર અસત્યજ કહી શકાય. ઉપરથી અવલોકન કરનાર કે સામાન્ય મુસાફર

ની નજર પર જે હિન્દુસ્તાન પડેછે તે ખરૂં હિન્દુસ્તાન નથી. પ્રજામાં જે અત્યંત દુઃખ અને ગરીબાઇ રહેલીછે તેને ભાગ્યેજ છુપાવી શકે એવું પાશ્ચિમાત્ય સુધારાનું આછું પડ માત્ર એવા પ્રેક્ષકના ધ્યાન પર આવેછે. એ પડ એક પ્રકાશમાન પડદા જેવું છે. લોકોની પ્રવૃત્તિ પરથી ધન અને આબાદાનીનો ખ્યાલ આપનારા એ પ્રકાશમાંથી બારીક નિરીક્ષણ કરતાં આપણને હિન્દુસ્તાનની સત્ય સ્થિતિનું ચિત્ર જણાયછે. **દીલગીર, શૂન્ય, અને શોકગ્રસ્ત હિન્દુસ્તાન એક પરદેશી આપખુદ સત્તાના પગપર પડેલું છે. પ્રાચીન વૈભવ અને આબાદાનીનાં માત્ર આછાં ચિન્હ રહયાં છે. પરંતુ હવે તો જીવન નિર્વાહ માટે જોઇતાં સાધનો પણ ભયંકર ગરીબાઇને લીધે મેળવી શકવા અસમર્થ હોવાથી જીવન ટકાવવાને માત્ર હિન્દુસ્તાનનો કષ્ટશ્વાસ ચાલી રહયો છે.** આ ચિત્ર બ્રિટિશ પ્રજાને જોવાની તક મળતી નથી. પરંતુ પોતાની માતૃભૂમિના દુઃખો જેમનાં નેત્રો જોઇ શકે છે અને તેથી જેમનાં હૃદય બળેછે તેવા સર્વ હિન્દીઓની દૃષ્ટિમાં આપોઆપ આવી રહેછે. હિન્દુસ્તાનના પરદેશના વ્યાપાર વિષે જે ખોટી અસર થાયછે તેના સંબંધમાં રોમેશદત્તનો નીચેનો ફકરો ટાંકવા માટે થોડો વખત માંગું છું !—હિન્દુસ્તાનના પરદેશ સાથેના વ્યાપારના પ્રમાણથી હિન્દી પ્રજાની આર્થિક સ્થિતિનો અભિપ્રાય બાંધવામાં જે ભૂલ થાય છે તેનો વિચાર કરવો આવશ્યક છે. અંગ્રેજ પોતાના સ્વદેશના સંબંધમાં એ રીતથી (વ્યાપારના પ્રમાણથી) લગભગ સત્ય અનુમાન પર આવે છે અને તેથીજ એ રીત હિન્દુસ્તાનને લાગુ પાડવાની કુદરતી ભૂલ કરે છે. ઇંગ્રેજો પોતાના વ્યાપાર પર અને કારખાનાંઓમાંથી બનતી વસ્તુઓ પર મોટા પ્રમાણમાં પોતાનું જીવન ચલાવે છે. સ્વદેશમાં બનેલી વસ્તુઓનું વેચાણ કરવાથી તેઓ પરદેશમાંથી પોતાને જોઇતો ખોરાક ખરીદ કરી શકે છે. વ્યાપાર અને દેશમાં બનતી વસ્તુઓનો પરદેશમાં ફેલાવો કરવાથી ઉપજતો નફો તેમના ધનમાં વધારોજ કર્યા કરે છે અને તેથી તેમની પ્રજાકીય કમાણી વ્યાપારના પ્રમાણથી લગભગ ખરી આંકી શકાય છે.

પરંતુ હિન્દુસ્તાનના સંજોગો જુદા છે. બહારનો વેપાર પરદેશી વેપારીઓ પરદેશી મુડી વડે કરે છે અને તેથી વ્યાપારનો નફો હિન્દુ-

સ્તાનમાં નહિ રહેતાં યુરોપમાં જાય છે. અને તેથી પરદેશના વેપારની કમાણી એ પ્રજાની કમાણી નથી. એ કારણને લીધે પરદેશ સાથેના વેપારથી હિન્દી પ્રજાની કમાણી આંકી શકાય નહિ. લૉર્ડ રિપનના સમયમાં જ્યારે સલાહ શાંતિ અને સાધારણ આબાદી હતી ત્યારે સને ૧૮૮૧-૮૨ ના વર્ષનો હિન્દુસ્તાનનો આયાત અને નિકાસ મળીને કુલ વેપાર ૮ કરોડ ૩૦ લાખ પાઉન્ડનો હતો અને ૧૯૦૧ માં જ્યારે દેશ દુષ્કાળ અને સંતાપમાં ડુબેલો હતો ત્યારે આયાત અને નિકાસનો કુલ વેપાર ૧૨ કરોડ ૨૦ લાખ પાઉન્ડનો હતો હિન્દુસ્તાનની સ્થિતિ જાણતો હોય અથવા તો હિન્દુસ્તાન વિષે કાંઈ પણ સાંભળ્યું હોય એવો કયો પુરૂષ એમ કહી શકશે કે ૧૮૮૧–૮૨ કરતાં ૧૯૦૦–૧૯૦૫ માં હિન્દુસ્તાનને ખોરાક વિશેષ મળ્યો હતો તેમજ એ દેશ વધુ સુખી હતો ?

પરદેશી મુડીથી પરદેશીઓ વેપાર ચલાવતા હોય તો પણ દેશને લાભકારક નીવડે છે. અને તેથી દેશમાં બનતી વસ્તુઓ કરતાં તેજ વસ્તુઓ સસ્તે ભાવે મળી શકે છે. તેમજ દેશમાં બનતી વસ્તુઓ માટે દેશમાં મેળવી શકે તેના કરતાં ઉંચા ભાવ મળે છે. વેપારનો નફો પરદેશમાં જતો હોય તો પણ આ બન્ને રીતથી દેશને નફો થઈ શકે છે. પરંતુ હિન્દુસ્તાનમાં આ લાભ પણ મળી શકતો નથી. કારણ કે તેનો પરદેશનો વેપાર કુદરતી નહિ પણ કૃત્રિમ છે. સુતરપર જે જકાત નાંખવામાં આવે છે તેથી દેશમાં બની શકે એવી વસ્તુઓ દેશમાં બનતી અટકે છે. અને જમીન મહેસુલની પદ્ધતિ તેમજ હિન્દી તીજોરીમાંથી વિલાયતને આપવામાં આવતા ખર્ચને લીધે પ્રજાને અનાજની ખાસ અગત્યતા હોવા છતાં પણ તેની નિકાસ કરવામાં આવે છે અને બહાર ઘસડાઈ જાય છે. આ પ્રમાણે હિન્દી ઉદ્યોગોપર અંકુશ મુકીને પરદેશી કાપડની હિન્દુસ્તાનમાં આયાત નક્કી કરવામાં આવે છે અને ભારે જમીનની મહેસુલ અને ભારે ખંડણીથી અનાજની નિકાસ મોટા પ્રમાણમાં વધારવામાં આવે છે."

લૉર્ડ જ્યોર્જ હેમિલ્ટને પુછેલા પ્રશ્નના પ્રથમ ભાગનો પ્રત્યુત્તર તેમનાજ કસોટીના નિયમ પ્રમાણે આપણે એમ વાળીશું કે **બ્રિટિશ રાજ્ય હેઠળ હિન્દુસ્તાન આર્થિક સ્થિતિમાં પાછળ હઠ્યું છે.**

આર્થિક આબાદીના પડતીના કારણો.

આ અધમ સ્થિતિ ત્યારે શાને લીધે છે વારૂ? શું તે માનુષિક સત્તાની બહારના કારણોને લીધે છે અથવા તો તેને માટે બ્રિટિશ વહિવટની કોઈ પદ્ધતિ જોખમદાર છે? એક સ્હેજ વિચાર કરી જોઈશું તો માલમ પડશે કે **એ પડતી બ્રિટિશ રાજ્યની અત્યાર સુધીની પદ્ધતિનું સાક્ષાત પરિણામ છે.** તે મુખ્યત્વે કરીને બે કારણોને લીધે છે. પ્રથમ તો એ કે બ્રિટિશ વહિવટે હિન્દમાં રાષ્ટ્રીય સંપત્તિના સાધનોની પ્રગતિ કરી નથી તેમજ તેને વિસ્તૃત કર્યાં નથી. બીજું એ કે, બની શકે તેટલો સઘળો પૈસો, રાજ્ય વહિવટની પદ્ધતિથી ઘસડી લઇ જવામાં આવ્યો. એ પદ્ધતિથી અર્થશાસ્ત્રના મુખ્ય નિયમો અને સિદ્ધાંતો સાધીરીતે ખોટા પાડ્યા સિવાય, હિન્દમાં કાંઈ ધન રહ્યું હોત નહિ. એક રાજ્યના ધનના સાધનો ખેતી, વેપાર, ઉદ્યોગ હુન્નર અને નાણાંનો સારો વહિવટ છે. આપણે આ બાબતો જુદી જુદી તપાસીશું.

ખેતીની પડતી.

ખેતીની બાબતમાં જોઇએ તો, હિન્દીઓ જમીનની ખેડને લગતી કળાઓમાં તેમણે કરેલી પ્રગતિ માટે અસલના વખતથી જાણીતા છે. અને નિપુણ ખેડુતો તરીકે તેમણે મનુષ્યના પ્રથમ ઉદ્યોગને સંપૂર્ણતાએ પહોંચાડયો હતો. અસલના રાજ્યકર્તાઓ પણ ખેતીના સુધારામાટે નહેરના કામોની અગત્યતા સમજતા હતા અને સમસ્ત દેશમાં જે સંખ્યાબંધ કુવાઓ, નહેરો અને તળાવો છે.તે ઉપરથી હિન્દમાં રાષ્ટ્રીય સંપત્તિના એક મુખ્ય સાધનમાં સુધારા કરવાની હિન્દી રાજ્યકર્તાઓની ઉત્સુકતા પુરવાર થાયછે. કમનસીબે, બ્રિટિશ રાજ્ય હેઠળ ભાગ્યેજ કાંઈ ખીલવણી થઇ છે. હાલ હિન્દનો એકરદીઠ પાક બીજા દેશોમાં છે તેના કરતાં ઘણોજ ઓછો છે, એ કદાચ આશ્ચર્યજનક લાગે છતાં પણ તે સત્ય છે. જાપાન કે જ્યાં જમીનની કુદરતી સ્થિતિ હિન્દની જમીન કરતાં કોઈ પણ રીતે ચઢીઆતી નથી છતાં પણ ત્યાં ચોખાનો પાક એકરદીઠ હિન્દુસ્તાન કરતાં બમણો થાયછે. ખેતીવાડીના પછાતપણનું કારણ, આધુનિક જરૂરી આતોને બંધ બેસ્તી કરવા સારૂ ખેતીની પદ્ધતિમાં સુધારો કરવાની સરકારની બેદરકારીછે. કુવા, નીક, તળાવો અને નદીઓમાંથી નહેરના તથા

બીજા કામો માટે પાણી ઉપર ચઢાવવાને યાંત્રિક શક્તિને પુરતું સ્થાન મળી શકે એમ છે. ખાસ કરીને પાકની કાપણી, કણુસલાં ઝુડવા ઝાટકવા માટે સુધરેલી ઢબના હાથના યંત્રો પણ દાખલ કરી શકાય. (હિન્દી ઔદ્યોગિક કમિશનની ભલામણો જુઓ.) **પરંતુ જે સૌથી દુ:ખદાયક ટીકા સરકારની સામે પડે છે. તે નહેરના કામો વધારવા તરફ સરકારની બેદરકારીને લગતી છે. ઇંગ્લાંડથી અંગ્રેજ વેપારીઓના દબાણને લઇને સરકાર રેલ્વેના વધારા પરભારે ખર્ચ કરે છે પણ નહેરના કામો માટે ઘણોજ ઓછો ખર્ચ કરે છે.** દેશના સાધનોના વિકાસ માટે વધારેલી રેલ્વેની અગત્યતાની કોઈ ઓછી કિંમત આંકતું નથી પણ હિન્દના વિલક્ષણ સંજોગો જોતાં નહેરની જરૂરીઆતો સર્વોપરિ અગત્યતાવાળી અને રેલ્વે માટેની જરૂરીઆતો કરતાં વધારે તાકીદની ગણવી જોઇએ. સને ૧૮૮૦ ના દુકાળના કમિશને લખ્યું હતું કે "દુકાળમાંથી હિન્દનું સીધી રીતે રક્ષણ કરવા માટે જે ઉપાયો યોજવામાં આવે તેમાં નહેરના કામોને નિર્વિવાદપણે પ્રથમ સ્થાન મળવું જોઇએ. મી. ડિગ્બી જણાવે છે કે ઇન્ડિયા ઑફિસે અને હિન્દુસ્તાન સરકારે મોટામાં મોટા દુકાળના કમિશનની સલાહ કેવી રીતે સ્વીકારી તે આ પ્રમાણે છે:—૧૮૮૨–૮૩ થી ૧૮૯૭-૯૮ સુધીમાં નહેરના કામોના કરતાં રેલ્વે ઉપર તેમણે મહેસુલમાંથી સાત ગણો અને મુદ્દલમાંથી છગણો ખર્ચ કર્યો. મી. રોમેશચંદ્રદત્તે ગણત્રી કરી છે કે ૧૯૦૨ ના માર્ચ સુધીમાં હિન્દમાં નહેરના કામો પાછળ ૨૪ કરોડ ખર્ચ થયો હતો જ્યારે રેલ્વે માટે ૨૨૬ કરોડ ખર્ચાયા હતા. પાછળથી અધિકારી વર્ગનું અંત:કરણ જાગૃત થયું અને તેના પરિણામે આપણે દુકાળના કમિશને ડહાપણ ભરેલી રીતે જણાવેલા માર્ગે જરા જરા જેમ તેમ આગળ વધ્યા. **એનો ખુલાસો આ પ્રમાણે મળે છે કે સ્વાર્થના વિચારોથી બ્રિટિશ પ્રજાને હિન્દ તરફની પોતાની ફરજ બરાબર અદા કરવામાં અટકાવ થાય છે,** "હિન્દી વહિવટ ઇંગ્લાંડના પ્રજામતથી અને નહિ કે હિન્દના પ્રજામતથી દોરવાય છે. અંગ્રેજ લોકો રેલ્વેની બાબત સારી સમજે છે અને હિન્દ માટે નહેરની અગત્યતા એટલી સહેલાઇથી સમજી શકતા નથી. અંગ્રેજ વેપારીઓ રેલ્વેના વધારાથી હિન્દમાં દૂરના દેશોમાં બજારો ખોલવાના આશયો રાખે

છે. અંગ્રેજ વેપારીઓ વ્યવહારની નવી પદ્ધતિ અનુસાર હિન્દ સાથે વેપારની નવી સગવડો માગે છે. વેપારના બ્રિટિશ મથકો પાર્લામેન્ટ દ્વારા તેમજ ઇન્ડિયા ઑફિસ સાથે સીધા પત્રવ્યવહારથી હિન્દી રાજ્ય વહિવટપર અસર કરે છે. પાર્લામેન્ટના સભ્યો આમની સભામાં વારંવાર સવાલો પુછીને નવી રેલ્વેઓ બાંધવાનો આગ્રહ કરે છે" આ દીલગીરી ભરેલી અને દુઃખદાયક ટીકા છે પણ તે ખરેખર સત્ય શું છે તે બતાવી આપે છે.

વેપાર અને ઉદ્યોગ હુન્નરની ક્ષીણતા.

હવે આપણે વેપાર અને હુન્નરની સ્થિતિ તપાસીએ. હુન્નર બનાવટના દેશ તરીકે હિન્દની પ્રાચીન ખ્યાતિ વિષે કાંઈ કહેવાની જરૂર નથી. હિન્દી ઔદ્યોગિક કમિશનનો રીપોર્ટ કહે છે કે "આધુનિક ઔદ્યોગિક પદ્ધતિની જન્મભૂમિ યુરોપના પાશ્ચિમાત્ય ભાગપર જ્યારે બિન સુધરેલી કોમો રહેતી હતી ત્યારે હિન્દ તેના રાજ્યકર્તાઓની સંપત્તિ અને તેના કારીગરોની ઉચ્ચ કળા કૌશલ્ય માટે જાણીતું હતું. અને પછીના વખતે પણ, આ દેશની ઔદ્યોગિક ખીલવણી વધારે આગળ વધેલી યુરોપીય પ્રજાની પ્રગતિ કરતાં કોઈપણરીતે ઉતરતી ન હોતી. પણ બ્રિટિશોના આવવા પછીના એક પછી એક બનાવોનું વળણ લોકોને વધારે ને વધારે ખેતી તરફ વાળવા અને ઉદ્યોગ હુન્નરથી વિમુખ કરવાનું થયુંછે. સર હેનરી કૉટન ન્યુઇન્ડિયામાં લખેછે કે "પ્રથમતો વરાળયંત્રની શોધ અને સાંચાકામની ખીલવણીથી ઈંગ્લાંડમાં માલની બનાવટનો ખર્ચ ઘણો ઓછો થઇ ગયો. અંગ્રેજી વેપારીઓ તુરત હિન્દી કારીગરો કરતાં ઓછા ભાવે વેચવાને શકિતવાન થયા. બીજું, હિન્દમાંથી દરવર્ષે ૪૪ કરોડ રૂપિયા માલની નિકાસ માટે નંખાતી જકાત અને ઇંગ્લાંડમાં કાંઇ નહિ તો ૭૫ ટકા જેટલી નંખાતી ભારે અને નુકસાનકારક આયાતની જકાત એ બેઉથી સ્થાનિક ઉદ્યોગના પ્રયત્નો નિષ્ફળ ગયાછે. માન્ચેસ્ટરનો માલ દાખલ થયાથી, દેશી ઉદ્યોગો પડી ભાંગ્યા. ઈંગ્લાંડે કમનસીબે હિન્દ તરફ જે સ્વાર્થમય નીતિ રાખીછે અને ઇતિહાસમાં કદી નહિ નોંધાયલો હોય એવો જે દુઃખદાયક અનર્થ તેને કર્યોછે તેથી આ સઘળી પરિસ્થિતિ ઉભી થઇ છે. મી. રોમેશચંદ્ર દત્ત તેનું હેઠળના શબ્દોમાં સંક્ષેપમાં વર્ણન કરેછે:—

" એ ખરૂં છે કે ઇસ્ટ ઇન્ડિયા કંપની અને બ્રિટિશ પાર્લામેન્ટે, સો વર્ષ પહેલાંની સ્વાર્થી વ્યાપારી નીતિ અનુસરીને, ઈંગ્લાંડના ઉછરતા ઉદ્યોગને ઉત્તેજન આપવા સારૂ બ્રિટિશ રાજ્યની શરૂઆતના વર્ષમાં હિન્દી ઉદ્યોગોને દાબી દીધા.

અઢારમી સદીના છેલ્લા કાયદાઓમાં અને ઓગણીસમી સદીના પહેલા કાયદાઓમાં અનુસરેલી તેમની ઠરાવેલી નીતિનો હેતુ હિન્દને ગ્રેટબ્રિટનના ઉદ્યોગોને આધીન રાખવાનો અને તેના કારખાનાને માટે સાધનો પુરાં પાડવાને હિંદી પ્રજા પાસે કાચા પદાર્થો ઉગાડવાનો હતો. આ પધ્ધતિ મક્કમ નિશ્ચય અને પ્રાણઘાતક ફતેહથી અનુસરવામાં આવી. હિન્દી કારીગરોને કંપનીના કારખાનામાં કામ કરવાની ફરજ પાડવાના હુકમો કાઢવામાં આવ્યા. ગામડાંઓ અને હિન્દી વણકરો પર વ્યાપારી રહીશોને કાયદેસરરીતે બહોળી સત્તા આપવામાં આવી, હિન્દી રેશમી તથા સુતરાઉ માલ ભાચે ટૅરિફની જકાતથી ઈંગ્લાંડમાંથી બાતલ કરવામાં આવ્યો. વિલાયતી માલ જકાત વગર અથવા નામનીજ જકાત લઇને હિન્દમાં દાખલ કરવામાં આવ્યો.

એચ. એચ. વિલ્સનના શબ્દોમાં કહીએ તો " **સમાન મરતો એ જે પ્રતિસ્પર્ધી સાથે હરિફાઈ શકે એમ ન હોતું તેને દાબી દેવાને અને તેનો નિરોધ કરવાને બ્રિટિશ કારીગરે રાજકીય અન્યાયના હથિયારનો ઉપયોગ કર્યો.** " લાખો હિન્દી કારીગરો પોતાની રોજી ખોઈ બેઠા. હિન્દની વસ્તી પોતાની સંપત્તિનું એક મોટું સાધન ખોઈ બેઠી. હિન્દમાં બ્રિટિશ રાજ્યના ઇતિહાસની આ એક દુ:ખદાયક કથા છે. પરંતુ એ વાત, હિન્દી પ્રજાની આર્થિક સ્થિતિ અને ખેતી પર તેમને રાખવી પડતી આધીનતા સમજાવવા સારૂ કહેવી જરૂરની છે. યંત્ર વડે ચાલતા લુગડાં વણવાના સાંચાની યુરોપમાં શોધ થયાથી હિન્દી ઉદ્યોગો તદ્દનજ પડી ભાંગ્યાં. અને જ્યારે થોડા વર્ષમાં તે લુગડાં વણવાનો સંચો હિન્દમાં દાખલ થયો ત્યારે, વળી પાછી ઈંગ્લાંડે ખોટી ઈર્ષ્યા વાપરી. હિન્દમાં સુતરની બનાવટ પર એક્સાઇઝ ડ્યુટી નાંખવામાં આવી જેથી હિન્દી કારીગર જાપાન અને ચીન દેશ સાથે હરિફાઇમાં ઉતરી શકતો નથી અને જે હિન્દના નવા મિલ ઉદ્યોગને દાબી દેય છે.

જ્યારે રાણી વીકટોરીઆ સને ૧૮૩૧ માં ગાદીએ આવ્યા ત્યારે આ અનર્થ થઈ ચૂકયો હતો. છતાં પણ, પહેલાં અનુસરાયલી પક્ષપાતમાં ઢીલ મુકવામાં આવી નહિ. હિન્દના રેશમી રૂમાલો હજુ પણ યુરોપમાં વેચાતા હતા અને હિન્દી રેશમી માલ પર ભારે જકાત નાંખવામાં આવી હતી. બ્રિટિશ વણાટ કામ માટે હિન્દમાં રૂ કેવી રીતે ઉગાડી શકાય તે વિષે પાર્લામેન્ટે પુછપરછ કરી, નહિ કે હિન્દી વણાટના સાંચા કેમ સુધારી શકાય તે વિષે. બ્રિટિશ બનાવટોનું હિન્દમાં કેવી રીતે વેચાણ થઈ શકે તે સીલેકટ કમિટીએ શોધી કાઢવાનો યત્ન કર્યો, નહિ કે હિન્દી ઉદ્યોગો કેવી રીતે સજીવન થઇ શકે તે. સને ૧૮૫૮ ની સાલ, કે જ્યારે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના રાજ્યનો અંત આવ્યો તેના ઘણો વખત અગાઉ, ઉદ્યોગ હુન્નરના એક મહાન દેશ તરીકેની હિન્દની ખ્યાતિ બંધ થઇ હતી. ખેતીવાડી એજ માત્ર વસ્તુતઃ પ્રજાના નિર્વાહનું બાકી રહેલું સાધન હતું.

બ્રિટિશ વેપારીઓ ૧૮૫૮ પછી પણ ઇન્ડિયન ટૅરિફની તપાસ રાખતા અને તેપર નિર્બંધ રાખતા હતા. બ્રિટિશ માલની હિન્દમાં આયાત કરવાનું કામ આયાતની જકાત ઓછી કરીને સગવડ ભરેલું કરવામાં આવ્યું હતું. મુંબઇમાં વણવાના સાંચા અને કારખાનાની વૃધ્ધિ થયાથી ઈર્ષ્યા ઉત્પન્ન થઇ અને સને ૧૮૭૯ કે જે વર્ષમાં હિન્દમાં દુકાળ, લડાઇ અને તંગી હતી તે વર્ષમાં પાર્લામેન્ટે આયાતની જકાતનો વધારે ભોગ આપવાની માંગણી કરી અને સને ૧૮૮૨ માં મીઠું અને દારૂ શિવાય સઘળી આયાતની જકાતો કાઢી નાંખવામાં આવી.

પરંતુ એ ભોગથી હિન્દી મહેસુલ પર ઘણી અસર થઇ. ખેડુતો અને ખેતીવાડી પર નવા કરો નાંખવા છતાં હિન્દ પોતાના માર્ગે ચાલી શકયું નહિ. સને ૧૮૯૪ માં સહેજ સાજ ફેરફારો સહિત આયાતની અસલની જકાતો ચાલુ કરવામાં આવી. હિન્દમાં આયાત થતા માલ સાથે જે હિન્દી સુતરાઉ વણાટના કામ હરિફાઇમાં ઉતરતા તે પર પાંચ ટકા નાંખવામાં આવ્યા. ૧૮૯૬ માં સુતર જકાતમાંથી મુકત કરવામાં આવ્યું પણ હિન્દની મિલોમાં બનતા સઘળા સુતરાઉ માલપર ૩ ટકાની એકસાઇઝ ડયુટી નાંખવામાં આવી. લેન્કેશાયરના માલ સાથે કોઇપણ રીતે હરિફાઈમાં નહિ ઉતરે તેવા ખડબચડા હિન્દી માલ તેમજ ઝીણા વણાટન

માલપર કર નાંખવામાં આવ્યો. કંગાળ હિંદી મજુર જે રોજ અઢી પેન્સ કરતાં ઓછું કમાતો તેના લુગડાંલત્તાંપર ઇર્ષ્યાખોર સરકારે કર બેસાડયો. મુંબઈના નાની મિલના ઉદ્યોગને મદદ અને ઉત્તેજન મળવાને બદલે તેને સુધરેલી દુનિયાના બીજા કોઇપણ ભાગમાં જાણીતી નહોય એવી એકસાઇઝની જકાત નાંખીને દાબી દેવામાં આવ્યો. **દોઢસો વર્ષ દરમિયાન બ્રિટિશ રાજ્યકર્તાઓની વ્યાપારી નીતિ, હિન્દી વેપારીના નહિ પણ બ્રિટિશ વેપારીઓના હિતને અવલંબીને નિશ્ચિત કરવામાં આવી છે.** ૧૭ મી અને ૧૮ મી સદીમાં હિન્દમાં તૈયાર કરેલો જે માલનો ભારે જથ્થામાં ફરંગી અને વલંદા આરબ અને બ્રિટિશ વેપારીઓ નિકાસ કરતા હતા તે અદૃશ્ય થઇ ગયો છે. હિન્દની નિકાસ હવે મુખ્યત્વે કરીને કાચા પદાર્થની છે અને તે મોટે ભાગે લોકોના ખોરાક છે. રાષ્ટ્રીય આવકના સાધન તરીકે માલ બનાવવાના ઉદ્યોગને સંકુચિત કરવામાં આવ્યો છે." (જુઓ વિકટોરીઆના વખતમાં હિન્દની સ્થિતિ).

ખુદ ઇંગ્લાંડ પોતાની ઔદ્યોગિક કોશલ્ય અને આબાદાની માટે હિન્દ સાથના સંબંધને કેટલું-બધું આભારી છે અને આપણા બ્રિટિશ રાજ્યકર્તાઓએ અત્યાર સુધી ચલાવેલી નીતિથી હિન્દને એક સરખું કેટલું સખત આર્થિક નુકસાન થયું છે તેનો વિચાર થોડાજ અંગ્રેજોને આવતો હશે. યુરોપની આધુનિક આબાદાની મોટે ભાગે અસલના સુધારાવાળી પ્રજાઓને લુંટવાપર રચાયલી છે. સ્પેઇને દક્ષિણ અમેરિકાને લુંટયું હતું. બીજી મોટી પ્રજાઓની રીતિ ભાગ્યેજ માનપ્રદ છે. લેન્કેશાયરનો કાંતવાનો અને વણવાનો ઉદ્યાગ સાંચા કામની બાબતમાં હિન્દના ઉદ્યાગની બરાબર હતો પણ જે કોશલ્યથી હિન્દી સુતરની એક અદ્ભૂત બનાવટ બનાવવામાં આવતી તે પશ્ચિમની કોઈ પણ પ્રજામાં ન હોતી. એ ખરૂં છે કે ઇંગ્લાંડમાં ૧૮ મી સદીની મધ્યમાં અગત્યની શોધો કર્યાથી ઇંગ્લાંડને તેની બનાવટોમાં અપૂર્વ સુધારા કરવાથી નિઃસંશયપણે શ્રેષ્ઠતા પ્રાપ્ત થઈ. પણ બ્રુકસ આદમ્સે ખરૂં કહ્યું છે કે:—

"નવીન શોધ કરવી તેનું સ્વરૂપ માત્ર ગૌણ પણે રહે છે. સાૈથી અગત્ય શોધોમાંની ઘણી, સદીઓ સુધી નિવૃત્ત રહે છે અને તેમને પ્રવૃત્ત કરવાને પુરતી શક્તિ એકઠી થાય તેની રાહ જુએ છે. તે શક્તિ દ્રવ્યનું રૂપ પકડે છે, સંચય કરેલું દ્રવ્ય નહિ પણ વપરાશ માટેનું. સારે નસીબે ઇંગ્લાંડને જોઈતું દ્રવ્ય

હિન્દમાંથી મળી આવ્યું. ઈંગ્લાંડની ઔદ્યોગિક શ્રેષ્ઠતાનો પ્રારંભ બંગાળ અને કર્ણાટકનો પુષ્કળ પૈસો ઉપયોગમાં લીધાથી શરૂ થાય છે. હિન્દનો પુષ્કળ ખજાનો ઈંગ્લાંડની રોકડ મુડી તરફ ઘણો ઘસડાવાથી તેની શક્તિમાં વૃદ્ધિ થઈ એટલુંજ નહિ પણ તેનો ઉપયોગ વેગવાન અને અનુકૂળ થતો ગયો. **પ્લાસીના યુધ્ધ પછી તુરતજ બંગાલમાંથી મેળવેલી લુંટ લંડનમાં આવવા લાગી. કદાચ જ્યારથી દુનિયા શરૂ થઇ ત્યાર પછી હિન્દની લુંટમાંથી જે નફો મળ્યો તેવો કોઈ પણ રોકેલાં નાણાંથી મળ્યો નહિ હશે.** " (બ્રુકસ એડમ્સકૃત સુધારા અને પડતીના નિયમો).

મી. ડિગ્બી પૂછે છે, " ઇસ્ટ ઇન્ડિઝમાંથી મળેલું દ્રવ્ય ત્યારે કેટલું થયું હતું વારૂ ? હિન્દમાંથી નિકાસ થયલા ખજાનાની જેમ બરાબર ગણત્રી થઇ છે તેવી રીતે ઈસ્ટ ઇન્ડીઝમાંથી મળેલા દ્રવ્યની ગણત્રી કોઈ કરી શક્યું નથી. **અડસટ્ટા કરવામાં આવ્યા છે અને તે ૫૦૦,૦૦૦,૦૦૦ પાઉંડથી ૧,૦૦૦,૦૦૦,૦૦૦ પાઉંડ સુધી છે.** ઘણું ખરૂં પ્લાસી અને વૉટર્લુની વચ્ચે છેલ્લી જણાવેલી રકમ હિન્દના ખજાનામાંથી અંગ્રેજી બેન્કોને આપી દેવામાં આવી હશે.

કાચા પદાર્થની નિકાસથી થતી ખરાબ અસરો.

ઉપર જણાવેલા સઘળા જુદા જુદા કારણોથી હિન્દના ઉદ્યોગ હુન્નરો પડી ભાગ્યા અને દેશને ખાસ કરીને ખેતીપર આધાર રાખતો કર્યો. કાચા માલની નિકાસને ઉત્તેજન આપવાની ભૂલ ભરેલી નીતિ આદર્યાથી આર્થિક નિયમોનો અમલ વધારે તીવ્રતર બનતો ગયો. **આમાં પણ, આ નીતિ, હિન્દના વ્યાપારના નહિ પણ બ્રિટિશ વ્યાપારના હિતથી અખત્યાર કરવામાં આવી હતી.** ૧૮ મી સદીમાં ઈંગ્લાંડના આધુનિક સંસ્થાનોને માત્ર ખેતીવાડીના ઉપયોગના થાણાં તરીકે ગણવામાં આવતાં હતાં, તેના કાચા પદાર્થની બનાવટ માટે ઈંગ્લાંડ મોકલાવાતો અને પાછો સંસ્થાનમાં અને દુનિયાના બીજા ભાગમાં પહોંચાડવામાં આવતો. અમેરિકાના સ્વાતંત્ર્યના યુદ્ધ પછી સંસ્થાનોએ બ્રિટિશ વેપારીના હિતને આધીન રહેવાની ના પાડી અને ઈંગ્લાંડની સામે પણ રક્ષણ કરીને પોતાના ઉદ્યોગોનો વિકાસ કર્યો. ત્યાર પછી મી. રાનાડેની સ્પષ્ટ ભાષામાં કહીએ તો, " **જુના**

સંસ્થાનોની જગ્યા ઇંગ્લાંડના તાબાનું મોટું હિન્દનું રાજ્ય પુરી પાડે છે. આ તાબાના રાજ્યને કાચા પદાર્થ ઉગાડવાના થાણા તરીકે લેખવામાં આવ્યું છે. તે કાચો માલ બ્રિટિશ આડતીઆઓ બ્રિટિશ વહાણમાં મોકલે છે; બ્રિટિશ કળા અને પૈસાથી તેની વણતર થાય છે અને હિન્દમાંની અને બીજે ઠેકાણેની તેમની બ્રિટિશ પેઢીઓ પર બ્રિટિશ વેપારીઓ આ તાબાના રાજ્યમાં પાછો મોકલી આપે છે. નીબંધો પા. ૯૯)

પંડિત મદન મોહન માલવિયા કહે છે કે રૂના દૃષ્ટાંતથી આ બહુ સાર રીતે સમજી શકાયછે. ઇસ્ટ ઇન્ડિયા કંપનીની કૉર્ટ ઑફ ડિરેકટરે ૧૭૮૮ ની સાલથી હિન્દમાં રૂ ઉગાડવાના પ્રશ્નમાં રસ લેવા માંડયો. આ માત્ર બ્રિટિશ વણાટના લાભ માટે, હિન્દી માલની જાત અને જથ્થો સુધારવાના હેતુથી હતું, પરંતુ સરકાર અત્યાર સુધી રૂની અને બીજા કાચા પદાર્થોની નિકાસને ઉત્તેજન આપવાની પ્રાણઘાતક નીતિ અનુસરતી આવી છે. અને આપણા કાચા સુતરની બનાવટો કરવાનું ઉત્તેજન આપવાને કાંઇજ કરવામાં આવ્યું નથી અને હોયતો તે ઘણુંજ થોડું છે.

હિન્દુસ્તાન અને અન્ય સ્વતંત્ર દેશો.

જ્યારે આ સઘળું હિન્દુસ્તાનમાં બનતું હતું ત્યારે પોતાના સાધનોનો ઉપયોગ કરી શકવાને સમર્થ હોય એવી પ્રજાઓ કાંઈ આળસમાં બેસી રહી ન્હોતી. ઑનરેબલ મી. પંડિત મદન મોહન માલવિયા કહે છે કે ૧૮૭૦ પછી અન્ય પ્રજાઓએ બનાવટ કામના ઉધોગોમાં અત્યંત પ્રગતિ કરીછે. હું ખાસ કરીને જર્મની, ઑસ્ટ્રિયા, અમેરિકા અને જાપાનને અત્રે ટાંકું છું. કારણકે તેમની પ્રગતિ સાથે હિન્દુસ્તાન ખાસ સંબંધ ધરાવે છે. તેમાંના પ્રત્યેક દેશે પ્રજામાં સામાન્ય અને ઔધોગિક કેળવણી ફેલાવી ઉદ્યોગ હુન્નરને રાજય તરફથી મદદ અને ઉત્તેજન આપવાની પદ્ધતિ રચી અને તે કાર્યમાં મૂકવાથી એ પ્રમાણે કરી શકયાછે. આ અને બીજી અન્ય પ્રજાઓએ તેમના વ્યાપારને રાજ્ય તરફથી મદદ અને રક્ષણ મળવાને લીધે હિન્દુસ્તાનને માથે નાંખવામાં આવેલી નિરંકુશ વ્યાપારની પદ્ધતિનો લાભ લઇને હિન્દુસ્તાનમાંથી કાચો માલ ખરીદી તેમાંથી પાકો માલ બનાવી તેજ માલ વડે આપણા દેશના બજારો ભરપુર કરી

દીધા છે. આપ્રમાણે હિન્દુસ્તાન પર અન્ય પ્રજાઓ ઔદ્યોગિક અને વ્યાપારી સત્તા નિરંતર મેળવતી જાય છે અને તેની સામે થવાને માટે કોઇપણ જાતના સાધન કે હથિયાર રહિત અને બચાવ માટે ધનરૂપી દિવાલ વિનાની હિન્દની સ્થિતિ છે. આ લાંબા સમયથી ચાલતા આવેલા અને નિરંતર હુમલાથી આપણા ખેતીવાડી અને બનાવટના ઉદ્યોગને નુકસાન પહોંચ્યું છે.

ઉદ્યોગમાં નાણા રોકવાને માટે હિન્દીઓની અશક્તિ.

કેટલીક વખત એવું કારણ બતાવવામાં આવેછે કે દેશના ઉદ્યોગ હુન્નરના સાધનોની ખીલવણી કરવામાં સરકારે બેદરકારી બતાવીછે. એમ કબુલ કરીએ તો પણ લોકો પોતે પણ તેટલાજ બેદરકાર અને આળસુ રહયાછે અને તેથી પ્રજાને પણ યોગ્ય પ્રમાણમાં દોષ ઘટેછે. એ ખરૂં છે કે આ દિશામાં હિન્દીઓનું કાર્ય અલ્પ છે. છતાં પણ આપણા માર્ગમાં શી શી મુશીબતો છે તેનો ખ્યાલ આપણી ટીકા કરનારાઓને ભાગ્યેજ હોય છે. આ સર્વમાં મૂખ્ય અને ખરેખરી મુશીબત તો નાણાની તાણની છે. ઉદ્યોગની હદ નાણાથી અંકાયછે. રોકવાને જેટલી મુડી હોય તેથી વિશેષ પ્રમાણમાં ઉદ્યોગ વધારી શકાય નહિ એવું **મિલ** પોતે કહેછે. કોઇ હિન્દીને અથવા હિન્દુસ્તાનને ઓળખનાર પરદેશીને મારે ખાસ જણાવવાની જરૂર નથી કે હિન્દુસ્તાનમાં ભાગ્યેજ મુડી મેળવી શકાયછે. **હિન્દુસ્તાનનું સંચિત દ્રવ્ય એ માત્ર એક કલ્પિત વાત છે. દુ:ખથી પીડાતા ગરીબોનો વિચાર બાજુએ મુકતાં, મધ્યમ વર્ગ જે દરેક દેશમાં પ્રજાનું અંગ ગણાય છે તેમની સ્થિતિ લગભગ એક નાદાર જેવીજ હોય છે.** કેટલાક હિન્દીઓ હશે, કે જેમને ધનિક કહી શકાય પરંતુ ગરીબાઇમાં રહેનારી વિશાળ પ્રજાની સરખામણીમાં તેમની સંખ્યા બહુ અલ્પછે. જેવીરીતે ઈંગ્લાંડમાં કરોડાધિપતિઓ અને નાદારો હોયછે તેમજ હિન્દુસ્તાનમાં ૨૩ કરોડ રીબાતી ગરીબ પ્રજાની સાથે થોડાક ધનિકો છે. ઈંગ્લાંડમાં દુ:ખી અને રઝળતા લોકો બહુ થોડાછે. હિન્દુસ્તાનમાં એવા લોકોજ વસ્તીનો મોટો ભાગ છે અને ધનિકો બહુજ અલ્પ સંખ્યામાંછે. હિન્દીઓ શા કારણથી પોતાના દેશની પ્રગતિ નથી કરી શકયા તેનો સારાંશ મી. ડિગ્બી નીચે પ્રમાણે આપેછે:—
"કોઈ એવો પ્રશ્ન કરે કે હારગ્રીવ્સનું સ્પિનિંગ મશીન અને તેની પરથી

બનાવવામાં આવેલાં અન્ય ઓજારો તેમજ કિટલીમાં ઉકળતા પાણી પરથી શોધી કાઢેલા જેમ્સ વૅાટ્સના સિદ્ધાંતોનો હિન્દીઓએ શામાટે ઉપયોગ કર્યો નહિ ? હું તેનો હેઠળની ત્રણરીતે જવાબ આપુછું:—

૧ જ્યારે આ શોધોનો ઉપયોગ થઇ શકે એમ હતું ત્યારે બંગાળ અને મદ્રાસ ઇલાકાની સઘળી દોલત અને સાધનો વિલાયત ધસડાઈ ગયાં હતાં અને તેથી પ્રજા પાસે નાણું ન હોવાને લીધે હારગ્રીવ અને વોટસની અદ્દ્ભૂત બુદ્ધિનો તેમનાથી લાભ લઈ શકાયો નહિ (૨) લોકોની ઇચ્છાને પૂછ્યા વિના પ્રજા તરફ સરકારે માબાપ તરીકેની વલણ અખ્ત્યાર કરી લીધી છે, છતાં દિલગીરીની વાત એ છે કે લોકોને ઉપલી દિશામાં મદદ કરવામાં પોતાનાં વાત્સલ્ય ધર્મનો વિચાર કર્યો નહિ. જો કે લશ્કરી દિગ્વિજય કરવામાં તો પ્રજાની મદદ પરજ આધાર રાખવામાં આવે છે. ઉલટું હિન્દી બનાવટની નિકાસને જાણી જોઇને દાબી દઈ, અંગ્રેજી ઉધોગને આ દેશમાં જામી જવાને માટે તક આપવામાં આવી, જે તક એક વખત મળ્યા પછી તમામ દેશ અંગ્રેજી સાળોથી છવાઇ રહ્યો છે.

(૩) બંગાળમાંથી એપ્રમાણે ધન ખેંચી જવાનો પ્રારંભ થયો અને પ્રથમ ખુલ્લી રીતે જણાવ્યું કે તે માટે યોજવામાં આવતા ઉપાયો અપ્રમાણિક હતા. પરંતુ થોડા વખતપછી વ્યાપારી અગત્યતા અને જાહેર બાંધકામોના બહાના નીચે એ નીતિ ચાલુ રાખવામાં આવી. વિદેશી મનુષ્યોએ પોતાનું ધન રોક્યું અને તે કામ ઉપર સત્તા અને વ્યવસ્થા પણ પરદેશીઓને સોંપવામાં આવી. અને તેને પરિણામે દેશમાં ઉધોગમાં રોકવાતો શું પણ આબરૂદાર માણસોની સાધારણ જરૂરીઆતોને પુગી વળવા જેટલું પણ ધન રહ્યું નથી."

હિન્દીઓના ઐાધોગિક સાહસો.

આ દેશમાં ઐાદ્યોગિક સાહસોને માટે કોઈપણ જાતની વ્યવસ્થા કે સગવડો નથી; એ ખામી ઉદ્યોગ હુન્નર ઉભોક રવાને અને તેનો ફેલાવો કરવામાં એક મોટા વિઘ્ન રૂપ છે. એ મુદ્દાપર ખાસ વિવેચન કરવાની મને અગત્યતા જણાતી નથી. હું કેટલાકની માફક એવો મત ધરાવતો નથી કે સામાન્યતઃ હિન્દીઓ સાહસો ખેડવાને કે ઐાદ્યોગિક સંસ્થાઓ સ્થાપવાને અશક્ત છે. જ્યારે

જ્યારે યોગ્ય તક મળી છે ત્યારે ત્યારે હિન્દીઓએ અન્યવિષયોમાં તેમજ ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં પણ ઉચ્ચ બુધ્ધબળ દેખાડયું છે. સુતરની મિલોનો વેપાર, તાતા આયર્ન ઍન્ડ સ્ટીલવર્કસ અને તાતા હાઇડ્રો ઇલેક્ટ્રીક વર્કસને જે ફતેહ મળી છે, તે પરથી ઉપલી બાબત ઉત્તમ રીતે સાબિત થાય છે. **લોખંડના વ્યાપારનો ઇતિહાસ, હિન્દના ઔદ્યોગિક વિષયમાં અંગ્રેજી નીતિ કેટલી સ્વાર્થી અને નિન્દનીય છે તે ઉત્તમ રીતે પુરવાર કરી આપે છે.** અંગ્રેજી ઉદ્યોગોને માટે વિશાળ ક્ષેત્ર બનાવવાની આતુરતાથી દોરવાઇને **લૉર્ડ ડેલ્હાઉસીએ** જ્યારે સમસ્ત દેશમાં રેલ્વે રૂપી જાળી ગુંથી હતી ત્યારે હિન્દુસ્તાનના અનેક ભાગમાં લોખંડની ખાણોનું અસ્તિત્વ જણાઈ આવ્યું હતું. જો આ પ્રાપ્ત થતા લોખંડના જથ્થાનો સંપૂર્ણ સદુપયોગ કરવામાં આવ્યો હોત, તો માત્ર આ દેશમાં બંધાતી રેલ્વેને લગતો સઘળો લોઢાંનો સામાન પુરો પાડવા ઉપરાંત દુનિયાના સુધરેલા અને આગળ વધતા દેશો જોડે લોઢાની નિકાસનો અત્યંત લાભકારક વ્યાપાર હિન્દુસ્તાને ખીલવ્યો હોત એ તદ્દન સંભવિત છે. **પણ એ વખતે પણ આપણા રાજ્યકર્તાઓએ હિન્દુસ્તાન તરફ અદેખાઈ બતાવી.** તે વખતે આખી દુનિયામાં માત્ર ઇંગ્લાંડમાંજ લોઢું પેદા થતું હતું. **અને હિન્દુસ્તાન ઇંગ્લાંડની બરોબરી કરે અને તેનો દુનિયાં સાથના એક હથ્થુ વેપારનો નાશ કરે તે અપ્રિય હતું. અને બીજું એ કે અંગ્રેજી કારખાનાવાળાઓની ઇચ્છા તેમની બનાવેલી કટલરી, હાર્ડવેર અને હિન્દુસ્તાનમાં લોખંડનો સ્વતંત્ર ઉદ્યોગ સ્થપાય તે તેમને ગમતું નહિ. તાતાની** ઉદારતા સ્વદેશાભિમાન અને જાહેર હિંમતને લીધે હિન્દીઓ આ નિદ્રાવશ વ્યાપારને ફરીથી સજીવન કરી શકયા છે અને એ સાહસને જે ફતેહ મળી છે તે ચમત્કારીક છે. **તાતાના** શેરના મૂળભાવમાં ૪૦૦૦ ટકાનો વધારો થયો છે અને તેની કિંમત રોજ વધતી જાય છે. આ પ્રત્યેક સાહસો હિન્દી નાણાંમાંથી અને હિન્દીઓની વ્યવસ્થા નીચે ચલાવવામાં આવે છે.

ભારે કરો.

બ્રિટિશ રાજ્ય નીચે ખેતીવાડી અને ઉદ્યોગ હુન્નરની સ્થિતિપર વિવેચન કરી હવે આ દેશમાં આર્થિક પદ્ધતિના થતા અમલ વિષે થોડુંક

બોલવા માંગું છું. **આખી દુનિયાના દેશો કરતાં હિન્દુસ્તાનમાં કરનું પ્રમાણ સૌથી વિશેષ છે.** એ બ્રિટિશ રાજ્યના આગ્રહી હીમાયતીથી પણ ના કહી શકાય એમ નથી. સરાસરી માણસ દીઠ કર ગણતાં તે કરનો આંકડો બહુ મ્હોટો જણાતો નથી એ ખરૂં છે. **પણ આપણે એટલું પણ યાદ રાખવું જોઇએ કે કોઈ પણ સુધરેલી રાજ્ય સત્તા વાળા દેશ કરતાં એક હિન્દીની સરાસરી વાર્ષિક આવક ઘણીજ ઓછી છે.** એક પાઉન્ડની આવકમાંથી ત્રણ શિલિંગ કર લેવો અને ૪૫ પાઉન્ડની આવકમાંથી ૩ પાઉન્ડ સુધી કર લેવો એ બેમાં અત્યંત ફેર છે. હિન્દુસ્તાનમાં કર ઉઘરાવવાની વિગત બારીક છે. અને ગરીબ હિન્દી કર ભરનારને બહુ સહન કરવું પડે છે. **ભારે કર એ એક અનિષ્ટજ છે, છતાં પણ જ્યારે સ્થાનિક ઉદ્યોગ, કળા, વ્યાપારને ઉત્તેજન આપવાને બદલે પરદેશી પ્રજાને ધનિક બનાવવાને માટે તે કરો ઉઘરાવાય છે ત્યારે તે અનિષ્ટતા ખરેખર સહસ્ત્ર ગણી વિશેષ થાય છે.** બ્રિટિશ રાજ્યના આવાગમન પહેલાં પણ રાજ્યકર્તાઓ રૈયતપર ભારે જમીનનો કર નાંખતા હતા પરંતુ તે વખતના કર ઉઘરાવવામાં આવતા નહોતા, જ્યારે બ્રિટિશ સરકાર પુરતી સખ્તાઇથી મહેસુલ વસુલ કરે છે. અને બીજું એ કે એ નાણાં કદી હિન્દની બહાર જતા નહોતાં, અને લુટફાટમાં ગયલા નાણાં પણ કોઇ પણ પ્રકારે પ્રજાને પાછા મળતાં હતાં. હિન્દી રાજ્યકર્તાઓને જે ભવ્ય વિલાસમાં લુપ્ત થવાનો શોખ હતો તેને લીધે હજારો મજુરો અને કારીગરોને રોજી મળતી અને પરિણામે લોકોને ધન પ્રાપ્તિ થતી અને સ્વતંત્ર ઉદ્યોગની ખીલવણી થતી હતી.

દેશમાંથી નીચોવી લેવામાં આવતું ધન.

પરંતુ દેશને જેમાં સૌથી મોટો અન્યાય થયો છે તે દેશનું ધન ઘસડી જવાની પદ્ધતિ ચાલુ રાખવાને લીધે છે અને જેથી છેલ્લાં ૧૫૦વર્ષ થયાં દેશનું લોહી ચૂસી લેવામાં આવેછે. આ ધન ઘસડી જવાના સંબંધમાં એટલું બધું બોલવામાં અને લખવામાં આવ્યું છે કે તે વિષેની મારી પોતાની વિસ્તારપૂર્વક ટીકાથી હું તમને રોકવા માંગતો નથી. ખરાં સત્ય

છુપાવનારા અને સાધારણ વર્ગને અર્થરહિત લાગે એવા ખોટા આડમ્બરી શબ્દો વાપર્યા વિના માત્ર સામાન્ય ભાષામાં સઘળી હકીકત તમારી સમક્ષ રજુ કરીશ. સંક્ષેપમાં કહીએ તો આપ્રમાણે સ્થિતિ છે. ઇસ્ટ ઇન્ડિયા કંપનીની હિન્દુસ્તાનમાં વેપારી તેમજ રાજ્ય સત્તા હતી. પ્રથમ અધિકારથી તેમણે હિન્દુસ્તાનનો વેપાર હાથમાં લીધો અને બીજા અધિકારની રૂએ દેશની ઉપજ ગ્રહણ કરી લીધી. હિન્દુસ્તાનની મહેસુલ તરીકે આ દેશની બનાવટો અને કાચો માલ યુરોપ મોકલવામાં આવતો હતો. આ નિકાસથી દેશની એટલી બધી દોલત ઘસડાઇ જતી હતી કે **લૉર્ડ સૉલ્સબરી**ના શબ્દમાં કહીએ તો સીધીરીતે તે કાંઇ પણ અવેજ અથવા બદલા વગરની હતી. એ પદ્ધતિ વાદળીના જેવી હતી. ગંગાના કિનારા પરથી સર્વ સુંદર ચીજો ચૂસી લઇને થેમ્સના કીનારાપર નીચોવવામાં આવતી હતી.

આ નાણાં ઘસડી જવાની પદ્ધતિમાં "હોમ ચાર્જીસ" એ આપણા ખેડુતો ને માટે અત્યંત ભયંકર અર્થસૂચક આંકડો થઇ પડયો છે. "હિન્દુસ્તાનની કરેલી સેવા" એવા બહાના નીચે હિન્દી વજીરને પોતાનેમાટે, પોતાના ખાતાના માણસોમાટે તેમ અન્ય અનેક માણસોને માટે ઈંગ્લાંડમાં મોટી રકમ આપવી પડેછે. આ અપાતી રકમનો સરાસરી વાર્ષિક અડસટ્ટો ૧૭૦,૦૦,૦૦૦ પાઉન્ડ થવા જાય છે. આમાંની થોડીજ રકમો પ્રમાણિકપણે હિન્દી ઉપજને માથે ઉધારી શકાય પરંતુ હિન્દી પ્રજાએ અત્યંત આગ્રહથી વિરૂદ્ધતા બતાવ્યા છતાં પણ એ પધ્ધતિ ચાલુ રાખવામાં આવી છે. હિન્દુસ્તાનને માથે નાંખવામાં આવેલો ભારે બોજો કેટલો અયોગ્ય અને અપ્રમાણિક છે તે આ ખર્ચનાં આંકડાનું અવલોકન કરવાથી જણાશે. ઇન્ડિયા ઑફિસ માટે થતી કેટલીક ખરચની રકમોની બાબતમાં સુધારાની યોજનામાં કંઇક ઘટાડો કરવાની સૂચના કરી છે. પરંતુ રીપોર્ટની સૂચના કદાચ આપણે સ્વીકારીએ તોપણ માત્ર જુજ ઘટાડો થાય છે. હિન્દના દેવાને માટે અપાતું વ્યાજ એ સૌથી ભારે રકમ છે. આ હિન્દી દેવું એક ક્રૂર કલ્પના છે. જ્યારે કંપનીના હાથમાંથી હિન્દુસ્તાનનું રાજ્ય નામદાર વિકટોરીઆ રાણીને સોંપવામાં આવ્યું ત્યારે કંપનીની મુદ્દલ, લોન ઉઘરાવીને ભરવામાં આવ્યું હતું, અને એને હિન્દુસ્તાનનું દેવું ગણી એ લોનનું વ્યાજ હિન્દુસ્તાનની ઉપજમાંથી ભરવામાં આવે છે. **મી. રોમેશ ચંદ્ર દત્ત** કહેછે કે બ્રિટિશ પ્રજાએ દુનિયાના અન્ય ભાગોમાં

મુલક મેળવવાને કરોડો રૂપિયા ખર્ચ્યા છે પરંતુ હિન્દુસ્તાનમાં તો રાજ્ય મેળવવાને, યુધ્ધ કરવાને અને રાજ્યકારભાર ચલાવવાને હિન્દુસ્તાનનુંજ ધન વાપરવામાં આવ્યું છે. બ્રિટિશ પ્રજાએ એક શીલિંગ પણ ખર્ચી નથી. જે વ્યાપારી કંપનીએ સામ્રાજ્ય મેળવ્યું છે તેણે પોતાના ફાળાઓ (ડીવિડન્ડો) અને સઘળી ઉપજ એ સામ્રાજ્યમાંથી મેળવી છે. જ્યારે તેઓ ૧૮૩૪ માં વેપાર કરતાં બંધ થયા ત્યારે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે તેમના શેરોનું વ્યાજ હિન્દી પ્રજા પર નાંખવામાં આવતા કરની ઉપજમાંથી આપવું. અને જ્યારે ૧૮૫૮ માં કંપનીનું અસ્તિત્વ બંધ થયું ત્યારે તેમના શેરોની કિંમત લોનો ઉઘરાવીને આપવામાં આવી અને એ લોન હિન્દુસ્તાનને માથે દેવાં તરીકે નાંખવામાં આવી. આપ્રમાણે એ કંપનીના હાથમાંથી રાજ્ય સત્તાને આ દેશ સોંપવામાં આવ્યો. પરંતુ આપણા દેશની કિંમત હિન્દી પ્રજાએ ભરી! અને એક નાબુદ થઈ ગયલી કંપનીના શેરોપર દેવાંના વ્યાજ તરીકે હિન્દી પ્રજા હજી સુધી ડીવિડન્ડ ભર્યા કરેછે.

હિંદુસ્તાનનું દેવું.

પરંતુ હિદુસ્તાનને માથે દેવું ઉભું કરવામાં આવ્યું ત્યાંથી અન્યાય અટકતો નથી. અફઘાનિસ્તાન, ચાઈના, એબીસીનિયા અને સુડાનની લડાઇઓ, બળવાની લડાઈ અને પૂર્વમાં કોઈ પણ પ્રકારની કરવામાં આવેલી લશ્કરી ચઢાઈના ખર્ચ હિન્દુસ્તાનને માથે નાખવામાં આવ્યા હતા અને તેથી એ દેવું આશ્ચર્યકારકરીતે વધતું ગયું. ૧૮૫૭ માં ૫૧,૦૦૦,૦૦૦ પાઉંડનું જે દેવું હતું તે ૧૮૬૨ માં ૯૭,૦૦૦,૦૦૦ જેટલું થયું અને વધતાં વધતાં આખરે ૧૯૦૧ માં ૨૦૦,૦૦૦,૦૦૦ પાઉંડ જેટલું થયું.

હું ધારૂં છું કે લૉર્ડ જ્યોર્જ હૅામિલ્ટને જે કસોટીથી નિર્ણયકર્યો છે તેજ કસોટીના સિધ્ધાંતથી આપણે તેનો પ્રત્યુત્તર વાળી શકીએ છીએ. આપણે જોયું કે હિન્દુસ્તાન જીર્ણ દુષ્કાળોથી પીડાય છે અને આ દુષ્કાળો પ્રજાની અત્યંત ગરીબાઇને અંગે છે. આપણને તે:

ઉપરાંત પણ એટલું જણાયું કે હિન્દુસ્તાનની આવકના મૂળ સાધનો બ્રિટિશ રાજ્ય હેઠળ સાંકડા થતાં ગયાં તેમજ હિન્દી પ્રજા પરના અન્યાય યુક્ત ભારે કરોથી હિન્દુસ્તાનની સઘળી દોલત ઘસડાઈ જવાના પરિણામે હિન્દી પ્રજા અત્યારે તદ્દન નિર્ધન બની ગઈ છે. બ્રિટિશ રાજ્ય વહિવટથી હિન્દુસ્તાન આર્થિક સ્થિતિમાં ખરેખર પાછળ હઠયું છે અને તેનું કારણ આપણા બ્રિટિશ રાજ્યકર્તાઓએ અત્યાર સુધી ચલાવેલી રાજ્યનીતિ છે.

ત્યારે તેનો ઉપાય શું છે? **લૉર્ડ જ્યોર્જ હેમિલ્ટનના મતપ્રમાણે બ્રિટિશ રાજ્યકર્તાઓએ દેશમાંથી રૂખ્સત લેવી જોઈએ.** પરંતુ અતિનિંદિત હિન્દી ચળવળ કરનારાઓનો મત આટલી હદ સુધી નથી. છેલ્લા ૩૦ વર્ષ થયાં હિન્દી રાષ્ટ્રીય પરિષદ્ અને પછી સમસ્ત હિન્દની મુસ્લીમલીગ હિન્દુસ્તાનના રાજ્યકારભારમાં અગત્યની સૂચનાઓ કરી રહ્યાં છે કે જે કબુલ કરવાથી હિદુસ્તાનમાંથી અંગ્રેજોની રૂખ્સતલેવાની ફરજ છે, એ લૉર્ડ જ્યોર્જ હેમિલ્ટનની બાહોશી ભરેલી સૂચના નકામી થઇ પડે છે. **હિન્દી રાજ્યકારભારમાં જે દોષ છે તેનું કારણ એ છે કે રાજ્યસત્તા થોડાક આપખુદ અધિકારીઓના હાથમાંજ છે અને જેઓ પ્રજામતને માટે બીલકુલ બેદરકાર છે.** આધુનિક સ્થિતિ અને રાજ્ય બંધારણ નીચે હમણાં હિન્દુસ્તાનની જે સ્થિતિ છે તેના કરતાં વધારે સારી જો હોત તો એક ચમત્કારજ થઇ પડત. કોઈ પણ મ્હોટો અમુકહિત જાળવનાર બ્રિટિશ પક્ષ કે બ્રિટિશ પ્રજાનો કોઇ પણ ભાગ હિન્દુસ્તાનની સરકાર પાસે પોતાની માંગણીઓ કબુલ કરાવી શકે છે. પરંતુ હિન્દી પ્રજાને એ હક પણ પ્રાપ્ત નથી. બ્રિટિશ કેબિનેટ સેક્રેટરી ઑફ સ્ટેટની મારફત પોતાની માંગણીઓ રજુ કરી શકે છે. બ્રિટિશ કારખાનાવાળાઓ સ્વીકાર કરાવવાને માટે પોતાના મતથી ચુંટાયલા પ્રતિનિધિઓ મારફતે પાર્લામેન્ટમાં કામ કરી શકે છે અને લશ્કરી માણસોને વાઈસરૉયની કાઉન્સિલમાં લાગવગ હોય છે કે જે કાઉન્સિલ અત્યારસુધી હિન્દી પ્રજાના આર્થિક લાભની વિરૂદ્ધ કામ કરતી હતી પરંતુ દૈવયોગે હિન્દના રાજ્યકારભારમાં હિન્દી પ્રજાનો કોઇ પ્રતિનિધિ નથી તેનો અવાજ કોઇ સાંભળે એમ નથી તેમ કોઈપણ જાતની લાગવગ નથી. અને તેથી અનિવાર્ય પરિણામ નિપજે એમાં કાંઇ આશ્ચર્ય સરખું નથી.

જૉન સ્ટુઅર્ટ મિલ કહે છે કે જ્યારે પ્રજાનો રાજ્યકારભાર પ્રજા પોતેજ ચલાવે છે ત્યારે તે રાજ્યમાં કાંઈક અર્થ અને સત્યતા રહેલી છે. પરંતુ એક પ્રજા પર બીજી પ્રજાની સત્તા રહે એ ખરૂં રાજ્ય કહેવાય નહી અને હોઈપણ શકે નહિ. એક પ્રજા અન્ય પ્રજા પર રાજ્ય ચલાવવામાં માત્ર પોતાને માટે ધનનો લાભ મેળવે છે તેમજ સત્તા નીચેની પ્રજાને ઢોરોની પાંજરાપોળ તરીકે ગણી તેમાંનો લાભ રાજ્ય કરી મેળવી લેછે. મનુષ્ય સૃષ્ટિની એક કુદરતી ગતિ છે કે પારકાના હિતનું રક્ષણ કરવાને માટે ગમે તેવા નીખાલસ હૃદયથી ઇચ્છા કરી હોય છતાં પણ તેમના હાથનું બંધન કરવું યોગ્ય નથી કે સલામતી ભરેલું નથી. કારણ કે માત્ર તેમના પોતાના હાથથીજ તેમની જીંદગીના સંજોગોમાં સંગીન અને ચાલુ રહે એવા સુધારા થઇ શકે છે. પ્રજાના તેમજ વ્યક્તિના સંબંધમાં પણ ન્યાય માટેની માગણીઓ માત્ર સ્વાર્થ અને આત્મોન્નતિના બળનો ભોગ થઈ પડેછે. મનુષ્યની પ્રકૃતિમાં સ્વાર્થનું લક્ષણ પ્રાધાન્ય હોય છે અને **જીસસ ક્રાઇસ્ટના** ધ્યાનપર આવવાથીજ તેણે એવી સલાહ આપી હતી કે આપણે આપણા પડોશી તરફ આત્મવત્ સ્નેહ રાખવો જોઇએ. પરંતુ હાલના જડ સુધારાના પરિણામે આ ખ્રિસ્તી ધર્મનો બોધ આપણા રાજ્યકર્તાઓ ભૂલી ગયા છે. **અને ઇંગ્લાંડ દેશ અને ત્યાંની પ્રજાના લાભ માટે હિન્દુસ્તાનને માત્ર ઢોરની પાંજરાપોળ તરીકે ઉપયોગમાં લેછે.**

આધુનિક બ્રિટિશ રાજ્ય પદ્ધતિના દોષો પરથી આપણે તેના ઉપાય જાણી શકીએ છીએ. ગમે તેવા ઉચ્ચ હેતુથી દાખલ કરવામાં આવતા થીંગડા સરખા સુધારાથી કદાચ થોડો સમય શાંતિ વ્યાપે પરંતુ કાયમનું નિવારણ તેથી થઈ શકે નહિ. **એનો સૌથી અસરકારક ઉપાય તો એજ છે કે હિન્દુસ્તાનને સંપુર્ણ અને સત્ય સ્વરૂપમાં સ્વરાજ્ય આપવું; અન્ય ઉપાય નથી. અને તેનું એટલુંજ સરળ કારણ છે કે બીજો ઉપાય સંભવિત નથી. હિન્દુસ્થાનના મોક્ષ માટે બીજા કોઈ પણ પ્રકારના ઉપાયો સૂચવવામાં આવે તો એમજ કહેવું પડશે કે ઇતિહાસના બોધ પાઠો વ્યર્થ છે. જગતના નૈતિક નિયમો માત્ર ફારસ છે અને અર્થશાસ્ત્રના સઘળા નિયમો અસત્ય છે.**

હિન્દુસ્તાનમાં સ્વરાજ્ય દાખલ કરવાની પદ્ધતિ સામે અપાતા જીર્ણ થઈ ગયલાં કેટલાંક કારણોનો સવિસ્તર ઉત્તર આપવાનો પ્રયત્ન કરવામાં હું તમને રોકવા માંગતો નથી. તમને તે કારણો સારી રીતે વિદિત છે અને તે કેટલા પાયા વિનાના છે તે પણ તમને માલુમ છે. એવું કહેવામાં આવે છે કે આપણે સ્વરાજ્યને માટે યોગ્ય નથી. આ કટાક્ષ ખરેખર બહુજ ક્રૂર છે કારણ કે આપણા ટીકાકારો જાણે છે કે એમાં કશું સત્ય નથી; એ માત્ર દાઝ્યા પર ડામ દેવા જેવું છે. રાજ્યકળા વિષેના છે કે પ્રાચીન યુગ વિષે ન બોલીએ તો પણ **અબુલ ફઝુલ અને ટોડરમલ** જેવા અનેક મહા બુધ્ધિમાન્ પુરૂષો સોળમી સદીમાં જે કાર્ય કરી ગયા છે તે છેલ્લા ચારસો વર્ષમાં જગત્માં જેટલો જ્ઞાનનો ઉમેરો થયો છે તે સઘળું છે. છતાંપણ વીસમી સદીમાં આપણા રાજ્યકર્તા તેમનાથી વિશેષ આગળ વધી શક્યા નથી. કોઇ પણ સ્વરાજ્યને માટે સંપૂર્ણ લાયક હોય એવું કહી શકાય નહિ. બ્રિટિશ પ્રજા પણ લાયક નહિ કહેવાય. લાયકાત માત્ર આપેથી શબ્દ છે અને **જ્યારે જ્યારે હિન્દી રાજ્યનીતિજ્ઞોને સંપુર્ણ તક અને સત્તા મળી હતી ત્યારે તેઓ રાજ્યનીતિમાં બ્રિટિશ રાજ્યનીતિજ્ઞોને પણ કુદાવી ગયા છે. સ્વતંત્રતા અને તેથી પ્રાપ્ત થતા સઘળા લાભવડેજ પ્રજા સ્વતંત્ર થવાને માટે યોગ્ય બની શકે છે.** સુધારાની યોજનાના રીપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રાજકીય સંસ્થાઓના લક્ષણ પરથી પ્રજાનું ચારિત્ર્ય બંધાય છે અને જોખમદારી ઉપાડી લેવાથી તેવી શકિત પ્રાપ્ત થઈ શકે છે. એ સિદ્ધાંતને લઈ નેજ હિન્દુસ્તાનમાં સ્વરાજ્યની પદ્ધતિની સફળતામાં વિશ્વાસ મુકી શકાય છે. એવું કહેવામાં આવ્યું છે કે આપણે ભૂલો કરીશું? પણ ભૂલો કોણે કરી નથી? જે માણસે ભૂલો કરી નથી તે કોઇ પણ પ્રકારનું ઉચ્ચ કાર્ય કરી શકે નહિ. જે બાળક કોઇ પણ સમયે ઠોકર ખાતું નથી તે કોઈ પણ દીવસ ચાલતાં શીખશે નહિ. પ્રજાઓ પોતાના વિજયોથી અને પરાજયોથી જ બળવાન્ અને પ્રગતિવાન બની શકે છે. સુધારાની યોજનાના કર્તાઓએ કહ્યું છે કે હિન્દીઓ આખરે સ્વરાજ્ય ચલાવવાની લાયકાત મેળવશે એ માટે તો શક નથી પરંતુ હાલતુરત તેઓમાં એ શકિત નથી. હિન્દી પ્રજાની આ એક અન્ય અધમ નિન્દા છે. **૧૫૦ વર્ષના બ્રિટિશ રાજ્ય પછી જો આપણે સ્વરાજ્યનેમાટે લાયક થયા નથી તો જ્યાં સુધી**

હાલની પધ્ધતિએ બ્રિટિશ રાજ્ય ચાલુ રહેશે ત્યાં સુધી આપણે કદી પણ લાયક થઇશું નહિ. મોન્ટેગ્યુચેમ્સફર્ડના રીપોર્ટના મત પ્રમાણે કોઈ પણ જાતના રાજકીય સુધારામાં જે બે મુખ્ય મુદ્દા સાચવવા જોઇએ તે પ્રથમ એક યુરોપના પ્રમાણમાં આ દેશની પ્રજાનો મોટો ભાગ અત્યંત અજ્ઞાન અને અસહાય્ય છે. અને બીજું, એ કે ધર્મ અને જ્ઞાતિના ભેદોની પરંપરાને લીધે અનેક વખત દેશની ઐક્યતા તુટવાનો સંભવ રહે છે. પહેલા પ્રશ્નનો વિચાર કરતાં ઇતિહાસના અનુભવ પરથી જો આપણે કોઇ પણ પ્રકારની યોજના કરીશું તેથી લોકોની નિર્ધનતા ભાગ્યેજ ઓછી થઇ શકશે. જે પ્રજાની સાહિત્ય અને કળા ગ્રહણ કરવાની શકિતથી જગત પણ આશ્ચર્ય પામે છે એવી પ્રજાએ પ્રાથમિક કેળવણીનો આશીર્વાદ પણ જ્યારે આપણા રાજ્યકર્તા પાસે નથી મેળવ્યો એ વિચાર કરીએ તો કેળવણીના વિષયમાં ભવિષ્ય બહુ આશાજનક જણાતું નથી. અને બીજા મુદ્દાના સંબંધમાં એમ જણાયછે કે બીન જવાબદાર આપખુદ પરદેશી સત્તાને લીધે પ્રજામાં જે ભેદો છે તે ઘટવાને બદલે વધવાનો સંભવ રહે છે. હાલની સ્થિતિમાં રાજ્ય કરતી સત્તાની મહેરબાની મેળવવા માટે જુદી જુદી પ્રજાઓ અને કોમો એકમેકની હરિફાઇમાં ઉતરે છે અને તેથી કોમ કોમ વચ્ચે ખાનગી અદેખાઇ ઉત્પન્ન થાય છે. આ સઘળી સ્થિતિનું અસ્તિત્વ સ્વરાજ્યની વિરૂદ્ધ નહિ પણ તરફેણમાં એક પ્રબળ કારણરૂપ છે. ખુદ ઈંગ્લાંડમાં પણ લોકપ્રિય રાજ્યસત્તા સ્થાપાયા પહેલાં નહિ પણ પછીજ પ્રજામાં આબાદાની અને કેળવણી ફેલાવો પામ્યા હતાં. સત્તાને લીધે જવાબદારીની લાગણી ઉત્પન્ન થાય છે અને આ જવાબદારીજ અન્ય પ્રજાઓના હકની પવિત્રતા તરફ માનની દૃષ્ટિ ઉત્પન્ન કરવામાં સાધન ભૂત થાય છે.

હિન્દુસ્તાનએ માત્ર ભગોળના અર્થમાં વપરાય છે.

હિન્દુસ્તાનને સ્વરાજ્યના હક્કનું સુખ આપવાનું બીજું કારણ એ છે કે હિન્દુસ્તાન દેશ તરીકે માત્ર ભૂગોળનાજ અર્થમાં વપરાય છે. તેમજ એ દેશની પ્રજામાં કોઈ પણ પ્રમાણમાં સામાન્ય ઐક્યતાનો અભાવ હોવાથી સ્વરાજ્યનું બંધારણ સંભવિત થઈ શકે નહિ. પરંતુ અન્ય દેશોમાં સ્વરાજ્યની સ્થાપના થયા પછી જે પરિણામો આવ્યા હતાં તેપરથી ઉપલું કારણ લુલું થઈ પડે છે. અમેરિકાના યુનાઇટેડ સ્ટેટસ,

કૅનેડા, ટ્રાન્સવાલ, અને સ્વિટઝર્લૅન્ડ અને બીજાં એવા અનેક નાના દેશોમાં ભિન્ન ભિન્ન વર્ણની પ્રજાઓ વસે છે. તેમજ હિન્દુસ્તાનમાં કોઇપણ ઠેકાણે જોવામાં આવતી ભિન્નતા જેટલાજ ધર્મ વિગેરે વિષયોમાં એ પ્રજાઓ એકમેકથી વિભક્ત છે. પરંતુ એ સર્વ દેશોમાં રાજ્ય સત્તા છે અને એમાંના કેટલાક દેશોમાં રાજ્ય બંધારણની પધ્ધતિ એટલી ઉત્તમ રીતે રચવામાં આવી છે કે દુનિયાના બીજા કોઈ પણ દેશની રાજ્ય પધ્ધતિથી ઉપયોગિતામાં ઉતરે તેમ નથી. સ્વરાજ્ય દાખલ કરવાથી જુદા જુદા તત્વો મળી ગયાં, વિભક્ત પક્ષો જવાબદારી ઉપાડવામાં એકત્ર થયા અને તેમના સર્વ સામાન્ય કલ્યાણ તરફ તેમનામાં જવાબદારીની લાગણી અને ભક્તિભાવ ઉત્પન્ન થયાં.

વળી એવું કહેવામાં આવે છે કે આ દેશમાં જાહેર હિંમતની ખામી છે અને જેને નાગરિક હિંમત કહેવામાં આવે છે તેના અભાવને લીધે કોઇ પણ પ્રમાણમાં સ્વરાજ્ય આ દેશમાં આપી શકાય એમ નથી. આમાં પણ જે આરોપ મૂકવામાં આવે છે તેને સત્ય હકીકતથી ટેકો મળતો નથી. કોઇ પણ દેશમાં નિયમિત રાજ્ય પધ્ધતિ દાખલ થઇ હોય તે પહેલાં અને ક્રાઇસ્ટના પણ જન્મ પહેલાં આ દેશમાં ઉચ્ચ પ્રકારની રાજ્ય પધ્ધતિ ચાલુ હતી, એ સામાન્ય રીતે કબૂલ કરવામાં આવે છે. હાલમાં સર્વને જાણીતું છે કે મ્યુનિસિપલ સંસ્થાઓ પણ પૂર્વમાંથી જન્મ પામી છે. તે ઉપરાંત સુધારાની યોજનાના કર્તાઓ એ પોતેજ કબૂલ કર્યું છે કે રાજ્ય ચલાવવાની શકિત રાજ્ય કરવાથી કેળવાય છે. અને જો એ તક ન આપવામાં આવે તો હિન્દીઓ સ્વરાજ્યને માટે ક્યારે લાયક થશે તે જાણવું કઠણ છે.

કોન્ગ્રેસલીગની યોજના પર અધિકારી વર્ગની ટીકા

હિન્દમાં સ્વરાજ્ય દાખલ કરવા સામે સાધારણ રીતે જે જુદી જુદી દલીલો લાવવામાં આવે છે તેનું ખંડન કરવા માટે મારા ધારવા પ્રમાણે કાંઇ વધુ કહેવાની જરૂર નથી. તા. ૨૦ મી ઑગસ્ટ સને ૧૯૧૭ ના જાહેરનામાને અંગે હિન્દને જવાબદાર રાજ્યતંત્ર આપવાને અને તે અર્થે સંગીન પગલાં ભરવાને સરકાર બંધાઇ ચૂકી છે. રાજ્ય પધ્ધતિને લગતા આ જાહેરનામાની રૂયે વાઇસરૉય અને હિન્દી વજીરે સુધારાની એક યોજના પ્રસિધ્ધ કરી

છે. આ પહેલાં હિન્દી રાષ્ટ્રીય પરિષદ અને ઑલ-ઇન્ડિયા મોસ્લેમ લીગે સંયુકત રીતે સુધારાની યોજના ઘડી હતી, જે કૉન્ગ્રેસ-લીગની સુધારાની યોજના ને નામે ઓળખાય છે. સરકારી યોજનાના કર્તાઓએ, ૨૦ મી ઑગસ્ટના જાહેર નામાની દૃષ્ટિથી અસ્વીકાર્ય જાહેર કરીને તેને બાતલ કરી છે, અને પોતાની જ યોજના રજુ કરી છે. એ યોજનાથી આપણા સૌથી પ્રખ્યાત નેતાઓમાંના કેટલાક મુગ્ધ બની ગયા છે. મારે માટે પુછો તો હું નિખાલસપણે કબુલ કરૂં છું કે કૉન્ગ્રેસ-લીગની યોજના પર અધિકાર વર્ગની ટીકાથી મારા પર કાંઈ અસર થઈ નથી. મને માત્ર એટલીજ દીલગીરી થાય છે કે આ બાબત પર હું માત્ર ટુંકમાંજ બોલી શકીશ. કૉન્ગ્રેસ લીગની યોજનામાં ત્રણ સિદ્ધાંતો સમાયલા છે.

(૧) નાણાં ઉપર ધારા સભાની સત્તા.

(૨) કાયદા ઘડવા માટે ધારા સભાનો અધિકાર.

(૩) ઠરાવો કરીને કારોબારી પર ધારા સભાની સત્તા.

સરકારી રીપોર્ટમાં કૉન્ગ્રેસ-લીગની યોજના સામે જે પ્રથમ વાંધો દર્શાવવામાં આવ્યોછે તે ધારાસભામાટે માંગેલી નાણાના અંકુશને લગતી છે.

રીપોર્ટનો ૧૬૫ મો પેરેગ્રાફ કહેછે કેઃ—

સદરહુ યોજના ઘડનારા સાથે અમને જે બીજો વાંધો નડેછે તે એ છે કે પ્રાંતિક નાણાં પર સંપૂર્ણ અંકુશ રાખવાનો તેઓ દાવો કરેછે. એમ હોય કે બીજે ઠેકાણેની રાજ્ય બંધારણની પદ્ધતિપર સંપૂર્ણ વિચાર ચલાવવામાં આવ્યો નથી. ઈંગ્લાંડમાં એક સ્થાપિત નિયમ છે કે નવા ખર્ચની યોજના માત્ર સરકારજ કરી શકે. અમુક રકમ વધારવા અથવા તેમાં ફેરફાર કરવાને કાંઈ પણ સુધારો મુકી શકાય નહિ. પણ જ્યારે સિધ્ધાંતમાંજ મતફેર હોય ત્યારે તેના બાહ્ય સ્વરૂપ પર વિશેષ કહેવાની જરૂર છે. નાણાં પર તો સરકારની સર્વ સત્તાનો આધાર રહે છે. અને કારોબારી સત્તા પોતાની જરૂરીઆતો માટે નાણાં ઉભાં કરી શકે નહિ અને તેમને ગમે તેમ રોકી શકે નહિ તો તે રાજ્યવહિવટને જવાબદાર રહી શકે નહિ.

બ્રિટિશ પાર્લામેન્ટની પધ્ધતિનો ઉપરની ટીકાઓમાં જે ઉલ્લેખ કરેલો છે તેમાં એક ખોટું પ્રમાણ રહેલું છે. બ્રિટિશ પ્રધાન મંડળ જે ત્યાંનું રાજ્ય ચલાવે છે તે આમની સભાના વત્તામાં વત્તા નેતાઓનું

બનેલું હોય છે. અને તેથી કરીને સરકારે યોજેલા બજેટની સઘળી રકમો સભા સ્વીકારે છે કારણ કે જે પક્ષની સરકાર બનેલી છે તેનો બહુમત હોય છે. બીજા વાંધાની બાબતમાં, વાઇસરૉય અને હિન્દી વજીરે સૂચવેલા સિદ્ધાંતમાં જે નિયમ રહેલો છે તેમાં, ઇંગ્લાંડમાં જવાબદાર રાજ્યતંત્રનો જે અર્થ થાય છે તેના પ્રથમ પગલાંઓનો અસ્વીકાર થાય છે. ઈંગ્લાંડમાં સદીઓ સુધી રાજ્યબંધારણુ માટે જે ભારે લડત ચાલી તેના પારણામે છેવટે એવો નિયમ સ્થાપિત થયો કે કારોબારી સત્તા પોતાને ફાવે તેમ નાણાં ઉભા કરી શકે નહી તેમ રોકી શકે નહિ. સદરહુ સિધ્ધાંતથી રાજકીય શાસ્ત્રમાં સમજાવેલા સારા રાજ્યના પ્રથમ નિયમોનો પણ અસ્વીકાર થાય છે. કોન્ગ્રેસલીગની યોજના સામે જે બીજો વાંધો દર્શાવવામાં આવ્યો છે તે એ કે યોજનામાં ધારા સભાને જે બહોળી સત્તા સૂચવી છે તે સ્થાયી કારોબાર સાથે આવતાં સઘળી ગેરવ્યવસ્થા થઈ જાય અને ઇતિહાસના અનુભવની વિરૂદ્ધ થાય. અહીંઆ પણ ટીકાઓ ખરી હકીકતોથી પુરવાર થઈ શકતી નથી. જુદી જુદી જાતના સંસ્થાનોના રાજ્યના ઇતિહાસનો સહેજ વિચાર કરીએ તો જણાશે કે ક્રાઉન કૉલોનીઓ કે જે જવાબદાર રાજ્યતંત્ર ભોગવતાં નથી તેમની બાબતમાં પણ એક સ્થાયી કારોબાર સાથે ધારા અને નાણાં પર સૌથી બહોળી સત્તા ભોગવતું ધારામંડળ છે. છેલ્લે, ઠરાવો પસાર કરીને સરકાર પર વગ ધરાવવાની સત્તા કોન્ગ્રેસલીગની યોજનામાં સૂચવેલી છે તેના સંબંધમાં વાઇસરૉય અને હિન્દીવજીર જે વાંધો દર્શાવે છે તે લઇએ. અહીંઆ પણ, ખુદ ઈંગ્લાંડ અને જુદા જુદા સંસ્થાનોની રાજ્યબંધારણુની પધ્ધતિના વિકાસના ઇતહાસની હકીકતોથી સરદહુ સૂચના ન્યાયઃયુકત ઠરાવી શકાય છે.

હવે આપણે ૨૦ મી ઑગસ્ટ ૧૯૧૭ ના જાહેરનામામાં જણાવેલું વચન સરકારી યોજનાથી કેટલે દરજજે પૂર્ણ થાય છે તે તપાસીએ. ઈંગ્લાંડના અને બીજા દેશના રાજ્ય બંધારણના ઇતિહાસના અભ્યાસથી જણાશે કે જવાબદાર રાજ્યતંત્ર પહેલાં હમેશાં સંપૂર્ણ પ્રતિનિધિત્વવાળું રાજ્યતંત્ર બક્ષવામાં આવેછે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણે પ્રતિનિધિ મંડળથી શરૂ કરીએ છીએ એટલેકે જેના અર્ધાકરતાં વધારે સભ્યો ચુંટાયલા હોય એવું ધારા મંડળ, આવા ધારા મંડળને નાણાં, અને કાયદાપર નિર્બંધ આપવામાં આવેછે અને ઠરાવો દ્વારા કારોબાર પણ

થોડો નિર્બંધ રાખવા દેવામાં આવેછે. પ્રતિનિધિત્વવાળા રાજ્યતંત્ર માટે આ મુખ્ય જરૂરીઆતો છે. છેવટે, કારોબારી પર પણ સંપૂર્ણ નિર્બંધ આપવામાં આવેછે અને ત્યારે આપણને સંપુર્ણ સ્વરૂપમાં જવાબદાર રાજ્યતંત્ર મળેછે.

કોન્ગ્રેસ-લીગની યોજનામા સંપૂર્ણ પ્રતિનિધિત્વવાળા રાજ્યતંત્રની સૂચના કરીછે અને ધારા સભાના અર્ધા સભ્યો ચુંટાયલા હોવાની માગણી કરી જવાબદાર રાજ્યતંત્રની દિશામાં સ્હેજ વધારો સૂચવ્યો છે. અધિકાર વર્ગની યોજનામાં જે સૂચના કરીછે તે પ્રતિનિધિત્વવાળા રાજ્યતંત્રથી પણ ઘણું ઓછું છે. સરકારી યોજનામાં તો પ્રતિનિધિત્વવાળા રાજ્યતંત્ર કરતાં પણ ન્યૂન સૂચવવામાં આવ્યુંછે; અને છતાં આ દેશમાં કેટલાક એવા લોકો છે કે જેઓ ઇંગ્લાંડ અને બીજા દેશોના રાજ્ય બંધારણના ઇતિહાસની પોતાની અજ્ઞાનતામાં કોન્ગ્રેસ-લીગની યોજનાનો ભોગ આપવાને તૈયાર થયા છે અને સરકારી યોજના જવાબદાર રાજ્યતંત્ર તરફ એક સંગીન વધારો કરેછે એવી માન્યતાથી તેને આનંદથી આવકાર આપે છે. ખુદ કોન્ગ્રેસ-લીગની યોજના જણાવેલી સૂચનાઓ જવાબદાર રાજ્યતંત્ર કરતાં પણ ન્યૂન છે. પણ તે એ દિશામાં એક પ્રથમ પગલું છે એમ ગણી શકાય આ અર્થ પ્રમાણે, આપણી યોજનામાં કરેલી માંગણી, ૨૦ ઑગસ્ટનાં જાહેરનામા ઉપરાંત કરવામાં આવી નથી. પણ સરકારી યોજના ને જાહેરનામામાં જણાવેલું વચન પૂર્ણ કરતી નથી, સમસ્ત બ્રિટિશ સામ્રાજ્યમાં રાજ્યતંત્રની કોઇપણ પદ્ધતિની ખીલવણી સાધારણરીતે જવાબદાર રાજ્યતંત્ર પરિપૂર્ણ કરવાને સંપૂર્ણ પ્રતિનિધિત્વવાળા રાજ્યતંત્રદ્વારા થાય છે. અધિકારવર્ગની યોજનામાં સૂચવેલી પદ્ધતિ તો પ્રતિનિધિ-વાળા રાજ્યતંત્રનું પણ સંપૂર્ણ સ્વરૂપ નથી. કારણ કે કાયદાપર અસર-કારક સત્તા આપવાનું તેમાં સૂચવ્યું નથી અને નાણાપર તો ભાગ્યેજ કાંઇ સત્તા આપવામાં આવી છે. છતાં જ્યારે પ્રધાનોને ક્રમેક્રમે ધારા-મંડળને જોખમદાર કરવાનું તેમાં સૂચવવામાં આવ્યુંછે ત્યારે જવાબદાર રાજ્યતંત્રના થોડા બાહ્ય લક્ષણો જણાય છે. પણ ભાવાર્થમાં તે નથી આ, કે નથી તે. તેથી રીપોર્ટનાજ શબ્દોમાં કહીએ તો તે પૂર્વ દૃષ્ટાંતરહિત અને દુનિયાના રાજકીય અનુભવથી તદ્દન વિરૂદ્ધ છે.

સ્વરાજ્યની અગત્યતા.

લીગના બંધુઓ, મેં તમને લાંબા ભાષણથી ત્રાસ આપ્યો છે એ બીનાથી હું વાકેફ છું પણ મેં તેમ જાણી જોઇ ને કર્યું છે કારણ કે હિન્દમાં

ની સઘળી કોમો સમાન્યરીતે માન્ય કરી શકે એવા દૃષ્ટિબિંદુથી હું હિન્દ માટેના સ્વરાજ્યનો પ્રશ્ન તમારી સમક્ષ રજુ કરવા માંગું છું. દેશની આધુનિક આર્થિક સ્થિતિ વિષે બોલતાં મેં કાંઇ નવું કહયું નથી. તેમજ હિન્દી રાજ્ય વહિવટની હાલની પદ્ધતિથી સૌથી નુકસાનકારક પરિણામો આવ્યાં છે એ સિદ્ધાંતના ટેકામાં મેં કાંઈ નવી દલીલો રજુ કરી નથી. અસલના રોમન રાજ્યમાટે કહેવામાં આવ્યુ છે કે તે પોતાના પ્રાંતોનો ગર ચૂસી લઇ ને પ્રજા માટે માત્ર છાલ રહેવા દેતું હતું. હિન્દની આર્થિક સ્થિતિ બતાવી આપેછે કે બ્રિટિશ રાજ્ય હેઠળ આ દેશમાં પણ કમનસીબે એજ પધ્ધતિ અનુસરાય છે અને આપણા રાજ્ય કર્તાઓએ રસ તો ચૂસી લીધો છે એટલુંજ નહિ પણ જો તેમને વખતસર અટકાવવામાં આવે નહિ તો હિન્દી પ્રજા માટે છોડાં પણ રહેવા દેવામાં આવશે નહિ. મારે માટે પુછો તો, મેં તમને કહયું છે કે આ દેશમાં સ્વરાજ્યની ખરેખરી પધ્ધતિ દાખલ કર્યાથી હિન્દની મુકિત થશે એવી મારી મક્કમ માન્યતા છે. આ અગત્યના સુધારા માટેની માંગણી કરવામાં જાહેરખબરમાં જેમ એક બાળક પોતાની જોઈતી વસ્તુ મેળવવા પર જ પોતાના સુખનો આધાર રાખેછે તેની માફક કાંઇ આપણે વર્તતા નથી. આપણને સંતોષ કે સુખનો પ્રશ્ન નથી. પરંતુ આપણા અસ્તિત્વ જોડે અત્યંત નિકટનો સંબંધ ધરાવનાર, જીવન કે મૃત્યુ નક્કી કરી શકે એવો પ્રશ્ન છે. આપણને કહેવામાં આવ્યું છે કે સ્વરાજ્યની માંગણી કરવામાં મુસલમાનો સંયુકત થયા છે તેમાં તેઓ મોટી ભૂલ કરેછે અને સ્વરાજ્યના બહાના હેઠળ હિન્દુ રાજ્ય સ્થાપવાને માટે પ્રયત્ન કરનારા કેટલાક લુચ્ચા હિન્દુ ચળવળ કરનારાઓના હાથમાં ફસાઈ ગયા છે.

મુસલમાનોને માટે કલ્પિત શંકાઓ.

એવું કારણ બતાવવામાં આવે છે કે જવાબદાર રાજ્યતંત્રનો અર્થ એજ છે કે સત્તા સઘળી હિન્દુઓના હાથમાં જશે. અને તેઓ આપણા સ્વાભાવિક શત્રુઓ હોવાને લીધે આપણા રાજ્યકારભારમાંથી આપણને બાતલ કરશે. આ શત્રુવટના પુરાવા તરીકે ૧૯૧૭ ના આરાહમાં થયલા હુલ્લડોનું પ્રમાણ આપવામાં આવે છે તેમજ જાગીરદારો, નાણા ધીરનારાઓ, વકીલો અને બીજાઓ તરફથી મુસલમાનો પર વારંવાર જુલમ કરવામાં આવે છે તેથી આપણા શત્રુઓ રાજકીય સત્તા

આપણા પર મેળવવામાં ફાવી જાય એવા પ્રકારના રાજ્ય બંધારણને મત આપવો એ ભૂલ ભરેલું ગણાય. ટુંકમાં તેઓ એવો આગ્રહ કરે છે કે હિન્દુસ્તાનમાં સ્વરાજ્યનો અર્થ માત્ર હિન્દુઓનું રાજ્ય છે અને જ્યાં સુધી ઉભય પ્રજા વચ્ચે ભેદ રહેશે ત્યાં સુધી મુસલમાનો સ્વરાજ્યને ટેકો આપે એ ન્યાયયુક્ત નથી. દુઃખના સમયમાં નિર્બળ કોમને માત્ર બ્રિટિશ સરકારનોજ આશરો મળે છે અને તેમના હાથમાંથી જો સત્તા બદલવામાં આવે તો મુસલમાનો અને બીજી પછાત પડેલી કોમોને માટે તે ઘણું નુકસાન કારક થઇ પડે.

શંકાઓનું સમાધાન.

આ વિના કારણની ચેતવણી પર થોડીક ટીકા કરવાની જરૂર છે. હિન્દુ અને મુસલમાન વચ્ચેના સંબંધમાં જણાવીશ કે હિન્દુઓ મુસલમાનનો સ્વાભાવિક શત્રુ છે એમ કહેવું એ ઉભય પ્રજાની નીચ નિન્દા કરવા સમાન છે. **આરાહના** હુલ્લડો અને એવા નજીવા બનાવો પરથી જેઓ પોતાનો મત રજુ કરે છે તે પરથી તેઓના કારણો કેટલા નિર્બળ છે તે જણાવી આપે છે. બન્ને પ્રજાઓમાંના ધર્માન્ધ અને મૂર્ખતા ભરેલી ઘેલછાવાળા મનુષ્યો તરફથી આ તોફાનો થાય છે. કેળવણીનો અભાવ અને બીજાં કેટલાંક કારણોને લઇને આપ્રમાણે થાય છે. કેળવણીથી અન્યોન્યની લાગણીઓ વિચારો પ્રતિમાન અને સહન શકિત ઉત્પન્ન થાય છે તે રાખવાનું તેઓ શીખ્યા હોતા નથી. કારણ કે માત્ર કેળવણીથીજ વિચારો વિશાળ થાય છે અને લોકોમાં અન્યોન્ય પ્રતિ સહન શકિત અને ક્ષમાભાવના પ્રેરિત થઈ આવા તોફાનો શાંત બને છે. સુશિક્ષિત મુસલમાનો અને હિન્દુઓ વચ્ચે હુલ્લડ થયાં હોય એમ આપણે સાંભળ્યું નથી. બિન કેળવાયલા વર્ગમાં તો તોફાન થયાંજ કરે છે, એમ આપણે જાણીએ છીએ અને મનુષ્ય જીવનના અંગે એ એક સામાન્ય અનિષ્ટ છે અને સમાજના નેતાઓને પોતાના ભૂલા પડેલા બન્ધુઓ ને જીવનના સત્ય માર્ગપર આણવાની પોતાની ઉચ્ચ ફરજો અદા કરવાને માટે પ્રસંગ આવે છે. હિન્દુ જમીનદારો, નાણાં ધીરનારા અને ધારાશાસ્ત્રીઓના મુસલમાનો પરના જુલમ વિષે હું એમ ધારૂં છું કે એવો ધંધો કરનારા મુસલમાનો પોતે પણ પોતાના એવા ભોગ થયલા માણસો પર કાંઈ દયા ભાગ્યેજ બતાવતા હોય. જમીનદાર અને ખેડુત, નાણાં ધીરનાર અને દેવાદાર, ધારાશાસ્ત્રી અને તેનો ગ્રાહક એ સર્વેનો સંબંધ

અંગત હોય છે. એમાં જાતિભેદની દૃષ્ટિથી કવચિતૂજ ધ્યાન અપાય છે. મુસલમાન જમીનદારો અને મુસલમાન નાણાં ધીરનારાઓએ મુસલમાન ખેડુત અને દેવાદાર પર ગુજારેલા જુલમની કેટલીક ખરી હકીકત મ્હારા જાણવામાં છે અને હું ધારૂં છું કે અન્યવર્ણના લોકથી મુસલમાનો પર એથી વધુ જુલમ ગુજરી શકે નહિ. લોકોમાં કેળવણીના ફેલાવાથી તેઓમાં આવા અન્યાયની સામે થવાની શકિત આવશે. અને તેથી આવા જુલમો ઘણાજ ઓછા થઇ જશે. જોકે તે સમાજમાંથી તદ્દન નાબુદ થાય એ તો અસંભવિત છે. જે લોકો ઉતરતી સ્થિતિમાં મુકાયલા છે, અથવા સંજોગવશાત્ કફોડી સ્થિતિમાં આવી પડ્યા હોય છે તે લોકોને આત્મવિશ્વાસ રાખવાનું અને તેમને સંતાપનારાના હાથ ઢીલા કરવાને સામે થવા અને ન્યાય મેળવી શકવાને માટે પોતાના હક અને અધિકારનું સંપૂર્ણ જ્ઞાન અપાવું જોઇએ. રાજ્યાધિકારીઓ ગમે તેટલા સારા વિચારવાળા હોય તોપણ જુલમ કરનાર અને તેના ભોગની વચ્ચે હમેશ કાંઈ સમાધાન કરી શકતા નથી. એવા કેટલાક દાખલા મોજુદ છે કે જેમાં સરકારી અધિકારીઓ જુલમ કરનારના પક્ષમાં ભળી ગયા હતા. કારણ કે તેઓને સત્ય હકીકતનું અજ્ઞાન હોય અને સબળ પુરૂષો નિર્બળની સામે હમેશ અધિકારને પોતાના પક્ષમાં લઈ શકે છે. પરરાજ્યસત્તા સ્વર્ગના સમાન રક્ષક છે એ માન્યતા ખોટી અને મૂર્ખતા ભરેલી છે. એ ખરૂં છે કે જુદી કોમોની વચ્ચે અલગ રહીને અપક્ષપાતપણે એક વિદેશી અધિકાર ન્યાય આપી શકે. પરંતુ આ સ્થળે પણ અમુક અધિકારીની ન્યાયની લાગણી કેટલે અંશે કેળવાયલી હોય છે તેનાપરજ સઘળો આધાર રહેલોછે. આપણે ઘણી વખત સાંભળીએ છીએ કે અમુક અધિકારી મુસલમાન પક્ષનો છે અને અમુક અધિકારી હિન્દુ પક્ષમાં છે અને આપણા અધિકારીઓ માત્ર મનુષ્ય પ્રાણીઓ છે, અને માનુષિક નિર્બળતા અને સ્વાભાવિક દોષમાંથી સંપૂર્ણરીતે મુકત ન હોવાને લીધે પક્ષપાત અને અન્યાય કરેછે એ ધ્યાનમાં રાખવું ડહાપણ ભરેલું છે. હમણાની સ્થિતિમાં રાજ્યસત્તા જોકે બ્રિટિશછે પરંતુ રાજ્યતંત્રના સંચામાં સઘળા હિન્દુઓ કામ કરેછે અને પોતાના અધિકારીઓના મળતા રક્ષણ નીચે આ સ્થિતિમાં પણ હિન્દુઓ મુસલમાન પર જુલમ ગુજારી શકે એમ છે. છેલ્લા પૂર્વ બંગાળના હુલ્લડોમાં હિન્દુ અને મુસલમાન અમલદારોએ નીચ અન્યાય ભરેલા જુલમો કરેલા

આપણા ધ્યાન પર લાવવામાં આવ્યા છે. દરેક જાતની સંભવિત રીતિથી આ જુલમો સરકારના ધ્યાન પર લાવવામાં આવ્યા હતા. કેટલાક જીલ્લાઓમાં ડિસ્ટ્રીક્ટ મૅજીસ્ટ્રેટોએ માનાપમાનનો સવાલ કોરણે મુકીને સ્વતંત્ર તપાસ ચલાવી તેથી સંખ્યાબંધ પોલીસ અમલદારો સામે કામ ચલાવવામાં આવ્યું હતું. પરંતુ બીજા જીલ્લાઓમાં ડિસ્ટ્રીક્ટ મૅજીસ્ટ્રેટે અને પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટે પોતાના તાબાના અમલદારો સામે મૂકવામાં આવતા આરોપોનો ઈન્કાર કર્યો અને ખરૂંજોતાં કાંઈ પણ તપાસ ચલાવી નહિ. તેનું પરિણામ એ આવ્યું કે જો કે હજારો મુસલમાનો પાસે ધમકીથી પૈસા કઢાવવામાં આવ્યા હતા તોપણ તેઓ સરકાર તરફથી કોઈ પણ પ્રકારનો ન્યાય મેળવી શક્યા નહિ. એમાં અમલદારોનો નહિ પણ પદ્ધતિનો દોષ છે. ડીસ્ટ્રીક્ટ મૅજીસ્ટ્રેટ કોઈ દોષિત તાબાના માણસનો પક્ષ લે છે. ત્યારે રીબાતી પ્રજાનો અવાજ કદાચ પ્રભુના તખ્ત સુધી પહોંચે, પરંતુ પ્રજા અને રાજ્યના મુખીની વચ્ચેના આપખુદ અમલદારોના હૃદય તેથી પીગળતા નથી. સર્વશક્તિમાન્ પ્રભુ આપણા ઐહિક બનાવોની વચમાં પડતો નથી. કદાચ તેણે આવા બીન અગત્યના વિષયનો કારભાર દુનિયાની ગોરી પ્રજાને સોંપી દીધો હશે. જેમ સુધારાની યોજનાના કર્તાઓ બ્રિટિશ સરકારને માટે પુનઃપ્રવેશનો હક ઇલાયદો રાખવા માંગે છે તેમજ પરમેશ્વરે પણ ફરીથી એ કારભાર હાથમાં ફરી લેવાનો કાંઈ હક જો ન રાખ્યો હોય તો પાંદડું પણ જેની મરજી વિના હાલતું નથી એવો સર્વજ્ઞ પ્રભુ શું દુઃખી અને રીબાતી પ્રજાના પુકારો તરફ બધિર રહ્યા કરશે ?

મુસલમાનોના હિતની અવગણના.

આ વિચારણા પરથી આપણને જણાશે કે બ્રિટિશ અમલદારો નિષ્પક્ષપાતી થઇ શકે છે છતાં પણ જુલમના ભોગ થયલા મુસલમાનોને જુલમ કરનાર સામે દાદ મેળવી શકવાના સંભવનો આધાર બે મુદ્દાઓ પર રહેલો છેઃ—પ્રથમ, તેમની નજદીકમાં રહેતા જીલ્લાના બ્રિટિશ અમલદારની ન્યાયબુધ્ધિ અને બીજો, જુલમ કરનારની અધિકારીઓ પર ખાનગી અસર કરવાની અશક્તિ. એમ કદાચ કહેવામાં આવે કે આફતના વખતમાં બ્રિટિશ અધિકારીઓ પર સંપૂર્ણ વિશ્વાસ મૂકવો અને છેક બેદરકારીથી તેઓ કદી પણ મુસલમાનોના હિતની અવગણના કરશે નહિ. અનુભવ આપણને જુદોજ

પાઠ શીખવે છે. જુદા જુદા સરકારી ખાતાંઓમાં નોકરોની નીમણુકનો પ્રશ્ન જોઇએ તો હમણાં પણ કેટલાક એવા ઘણા ખાતાં છે કે જ્યાં નોકરીમાંની નીમણુકોમાં મુસલમાનોને યોગ્ય હીસ્સો આપવામાં આવ્યો નથી. ખાતાંના વડાઓપર મુસલમાનોની વધુ પ્રમાણમાં નીમણુક કરવાની અગત્યતા વીષે સરકાર તરફથી અનેક સકર્યુલરો બહાર પડેછે. પરંતુ આ સકર્યુલરો સરકારી ઑફીસોની અભરાઇઓ પરજ સડયા કરે છે. ઉપર કરોળીઆઓ નીરાંતે જાળીઓ ગુંથે છે અને ઉધાઇઓ આપણા અધીકારીઓની ભલી ઇચ્છાઓ કોરીને અસંખ્ય કાણાં કરી મૂકેછે. એવું પણ કહેવામાં આવે છે કે મુસલમાનોને સગવડ કરી આપવામાંજ બ્રિટિશ અમલદારો આતુર અને પ્રમાણિક નિષ્ઠાવાળા હોય છે પરંતુ તાબાના હિન્દુ નોકરો હમેશાં વચમાં આવે છે. જો આ પ્રમાણ ખરૂં હોય તો બ્રિટિશ અમલદારો, અન્યાયી અને અપ્રમાણિક ન હોય તો પણ માત્ર પુતળાં જેવાજ છે. તેમનાથી કાંઇપણ કલ્યાણ થઇ શકે નહિ. પરંતુ તેઓ અનિષ્ટ કરવાને શકિતવાન છે. કારણ કે પોતાના તાબાના તોફાની હીન્દુઓનું રક્ષણ કરવાને તેઓ સમર્થ હોય છે અને તેથી આવા પુતળાંઓને જેમ જલદીથી ખસેડવામાં આવે તેમાંજ સર્વનું શ્રેય છે. જો હીન્દુ અધિકારી હીત કે અહીત કરી શકવાને સર્વ શકિતમાન્ હોય તો પછી તે મુખ્ય કે તાબાનો અધિકારી હોય તેમાં કાંઈ ફરક નથી. પરંતુ જો તે મુખ્ય અધિકારી હોય તો જવાબદારીની લાગણીથી કાર્ય કરે છે. પરંતુ જો તે તાબાનો અધિકારી હોય તો સ્વતંત્ર સત્તાવાળાને પોતાના રક્ષણમાટે જે વીચારો કરવા પડેછે તેની એને નડતર હોતી નથી. આપણી પ્રજાસત્તાક સંસ્થાઓમાં મુસલમાનોનું શું પ્રતિનિધિત્વ છે તેનો વીચાર કરો. મુસલમાનના હીતને માટે આપણા રાજ્યકર્તાઓએ લાગણી પૂર્વક ધ્યાન આપ્યું છે? ગઇ સદીના છઠ્ઠા દાયકામાં સ્થાનીક સ્વરાજ્યનો પ્રારંભ થયો. પરંતુ અનેક ધડાયલા કાયદાઓમાં ત્યારથી કે હજુ સુધી મુસલમાનોના હકનું ખાસ રક્ષણ કરવાને એક પણ કલમ રાખવામાં આવી નથી જ્યારે પ્રથમ અજમાયશ તરીકે સંસ્થાઓ ઉભી કરવામાં આવી હતી ત્યારે મુસલમાનોનું તેમાં શુન્યજ હતું. મુસલમાનોના વિભકત પ્રતિનિધિત્વ માટે તે સમયમાં હાલના કરતાં પણ વિશેષ ગંભીર અગત્યતા હતી. કારણ હાલમાં તો મુસલમાનો કોઇક વખત પોતાનું સંભાળી શકે છે. તે સમયે મુસલમાનોના હકનું રક્ષણ કરવાને

શામાટે કોઇ પણ પ્રકારની કલમો રાખવામાં આવી નહતી ? ગઇ સદીમાં આઠમાં દાયકામાં એટલે ૨૦ વર્ષ પછી મ્યુનિસપલ અને સ્થાનિક સ્વરાજ્યના નિયમો ઘડાયા અને તેથી દેશમાં સ્વરાજ્યના સિધ્ધાતો વિશેષ પ્રમાણમાં ફેલાયા હતા.ત્યારે પણ મુસલમાનોના પ્રતિનિધિત્વ માટે કોઇ પણ પ્રકારનો કાયદો કરવામાં આવ્યો નહિ. નાની કોમોને માટે પ્રતિનિધિ ચુંટવાની જે સત્તા સરકારે રાખી હતી તેના અનેક વિચારો ને લઇને બહુ સંકુચિત ઉપયોગ થાય છે. અને તેથી મુસલમાન હકને ચાલુ નુકસાન થતું આવ્યું છે એમાં કોઇ પણ જાતનું આશ્ચર્ય નથી. જ્યાં સરકારે અત્યંત મોટા પ્રમાણમાં ચુંટણી કરવાનો હક સ્વાધીન રાખ્યો હતો તેમાં પણ મુસલમાનોને નિયમપૂર્વક બાતલ કરવામાં આવ્યા છે. દાખલાતરીકે કલકત્તા યુનિવર્સિટીમાં સેનેટના મેમ્બરોની ચુંટણી કરવામાં સરકારને ૮૦ ટકા સુધીનો હક છે છતાં તે સંસ્થામાં મુસલમાનોનું પ્રતિનિધિત્વ ૮ ટકા કરતાં વિશેષ કદી પણ થયું નથી. મુસલમાનોનાં વિભકત પ્રતિનિધિત્વની સગવડ મોરલી-મિન્ટોના સુધારાની યોજના પ્રમાણે ૧૯૦૮ માં કરવામાં આવી પણ મુસલમાનોને માટે જે મત રાખવામાં આવ્યા છે તેની સંખ્યા બહુજ નજીવી છે. થોડાજ વખત પર કલકત્તાના મ્યુનિસિપલ બિલમાં મુસલમાનોની યોગ્ય માંગણીમાટે ૧૩ મ્યુનિસિપલ બેઠક તેમને આપવાનું સરકારને પુરતું જણાયું, જો કે સત્તાવાર આંકડા પરથી જણાય છે કે શહેરની વસ્તીમાં મુસલમાનોની સંખ્યા ૮૫ ટકા કરતાં પણ વધારે છે. આ પ્રમાણે દાખલા વિશેષ આપવાની જરૂર નથી. જેને માટે હું યોગ્ય હોઉં અથવા કોઈ વસ્તુમાટે મારે માંગણી કરવી હોય તો સરકારની દયા પર વિશ્વાસ મૂકીને બેસી રહેવું એવો મત હું ધરાવતો નથી. ગમે તેવી યુકિતપુરઃસર ભિક્ષાની કળા વાપરવામાં આવે તો પણ ગ્રહણીય વસ્તુ ભીખ માંગવાથી પ્રાપ્ત થઈ શકતી નથી.

ભૂલભરેલી માન્યતા.

આપણી કોમમાં કેટલાક એવી ભૂલ ભરેલી માન્યતા રાખે છે કે અંગ્રેજને મુસલમાન તરફ સ્વાભાવિકરીતે પ્રીતિ હોય છે. અને હિન્દુ અને અંગ્રેજનો પ્રશ્ન હોય ત્યારે અંગ્રેજના હાથમાં સત્તા હોય તો મુસલમાનોને વધુ લાભકારક છે. આ ભૂલથી દોરવાઇને તેઓ માને છે કે જો સરકારી અમલદારનો અધિકાર બદલાવાનો હોય તો બિનઅધિકારી યુરોપિયનોને તે સત્તા આપવામાં આવે તો તે વિશેષ સારૂં થઇ પડશે. મારી કોમના

જે સભ્યો પ્રમાણિકતાથી આ પ્રમાણે વિચાર કરેછે તેમના ધ્યાન બહાર રહી ગઇ હોય તો નીચલી હકીકત હું તેમની આગળ રજુ કરવા માંગું છું. હિન્દુસ્તાનમાંની અંગ્રેજ પ્રજામાંથી કેટલાક મહાન વેપારીઓ છે અને સમસ્ત હિન્દુસ્તાનની ભવ્ય ઑફિસોના તેઓમાંના ઘણાક માલિકો છે. તેમની ઑફિસોમાં હજારો હિન્દી કારકુનો અને મદદનીશો હોય છે. પરંતુ હિન્દી અંગ્રેજો મુસલમાન નોકરો તરફ લાગણી ધરાવતા નથી એ ધ્યાનપર લેવા જેવી બાબત છે. વિગતવાર આંકડાઓ મળી શકે એમ નથી પરંતુ બે પ્રાંતોમાં સાધારણ ગણત્રી કરતાં જણાય છે કે હિન્દી અંગ્રેજોની ઑફિસમાં રોકવામાં આવેલા કલાર્ક વીગેરેની સંખ્યા મુસલમાનોનું પ્રમાણ ૧૩ ટકા કરતાં વિશેષ નથી. આવી સ્થિતિપર ટીકા કરવી એ માત્ર ખોટી સફાઇ છે. જ્યાં સુધી આપણા ઍંગ્લો–ઇન્ડિયન મિત્રો મુસલમાનોને નોકરીમાં દાખલ કરવા સામે તેમના સ્પષ્ટ અણગમાનો સંતોષકારક ખુલાસો આપે નહિ, ત્યાં સુધી હિન્દુ હોય છતાં પણ મારા દેશબંધુ કરતાં ઍંગ્લો–ઇન્ડિયનને વધુ પસંદગી આપવા હું તૈયાર નથી.

નોકરીમાં હિન્દીઓ ઉભરાઈ જવા વિષેની ચિંતા.

આ રાજ્ય કરવાથી મુસલમાનોની એક બીજી દહેશતનો વિચાર કરવાનો રહેલો છે. એવું કહેવામાં આવ્યું છે કે સ્વરાજ્ય દાખલ કરવાથી જાહેર નોકરીઓમાં વસ્તુતઃ સઘળી જગ્યાઓ પર હિન્દુઓનો ઇજારો થઇ જશે. આ વાંધો મુદ્દાસર હોય તો ઘણા પર સખત અસર થવાનો સંભવ છે. અને તેથી હું આ બાબત પર થોડીક ટીકા કરવા માં ગુંછું. કેટલી જગ્યાઓ હાલ સઘળી કોમના હિન્દીઓના હાથમાં છે તેનો આપણે વિચાર કરીએ. સુધારાના રીપોર્ટની યોજનામાં કહ્યું છે કે હિન્દમાં દર સેંકડે ૭૧ ખેતી અથવા ચારા માટે, ૧૨ ઉદ્યોગ હુન્નરમાં, ૫ વેપારમાં, ૨ ઘર કામના નોકર તરીકે, ૧.૫ ધંધામાં, અને ૧.૫ સરકારી નોકરીમાં અથવા લશ્કરમાં રોકાયલા છે. સરકારી નોકરીમાં હિન્દીઓની કુલ સંખ્યા વસ્તીનો લગભગ એક ટકો હશે. ધારો કે સઘળા બિનમુસલમાનોને આ જગ્યાએથી કાઢી મૂકવામાં આવે અને બની શકે તેટલી જગ્યા માત્ર મુસલમાનોને આપવામાં આવે તો પણ એક સાધારણ અડસટ્ટાથી જણાય છે કે તેમ થવાથી મુસલમાનની કુલ સંખ્યાના વત્તામાં વત્તા ૩ ટકાનેજ સરકારી નોકરી મળશે. પણ

બાકીના ૯૭ ટકાનું શું ? તેમને આજીવિકાના બીજા સાધનો શોધવા પડશે અને નોકરીનો યોગ્ય માર્ગ જડી આવે નહિ તો, તેમણે લોકોના સાધનો પર જીવવું પડશે અથવા તો ભૂખ મરો સહન કરવો પડશે. હવે આપણે તેનાથી ઉલટો દાખલો લઈએ. ધારો કે જવાબદાર રાજ્યતંત્ર હેઠળ દરેક જગ્યા બિન–મુસલમાનને મળે તો આપણી કોમની કુલ સંખ્યામાંથી માત્ર ૩ ટકાનેજ ખમવું પડશે. જ્યારે ૯૭ ટકાને તો આ દેશમાં સ્વરાજ્યની સ્થાપનાથી નિઃસંશય મળતા લાભોથી ફાયદો મળશે. કળા કૌશલ્ય અને બનાવટોની વૃધ્ધિ થશે. અસલ જે કિસબી મુસલમાન કારીગરો અને બનાવટ કરનારાઓએ એક હાથ કરેલા સઘળા ઉદ્યોગો સજીવન થશે, આર્થિક ઘસારો જે હાલ લોકોનું જીવનરકત ચૂસી લે છે તે ઓછો થઈ જશે અને સમૃધ્ધિ અને સુખ જે હાલ સ્વપ્નવત્ અદ્રશ્ય થઇ ગયા છે તે પાછાં પ્રાપ્ત થશે અને આપણા લોકોને એકવાર ફરીથી આબાદ અને સુખી કરશે. ત્રણ ટકાના હિતનો વિચાર કરવાનો અને પ્રજાના બાકીના ૯૭ ટકાને હિતકર થયા વગર રહે નહિ એવા સુધારાના પગલાંની સામે થવું એ વિશેષ ખરાબ નહિ તોપણ કેવળ ઘેલછા છે.

મુસલમાનોની વર્તમાન સ્થિતિ.

રાજ્યની હાલની પધ્ધતિ નીચે મુસલમાનો સૌથી વિશેષ દુઃખ ખમનારા છે એનો મુસલમાનોને ખ્યાલ આવતો નથી તેથી મને આશ્ચર્ય લાગે છે. કદાચ અધિકાર વર્ગની માનસિક પ્રકૃતિને તેઓ ઓળખી શકતા નહિ હશે. કોલાહલ અને ચળવળની અધિકારી વર્ગ આગળ સૌથી વિશેષ કદર થાય છે અને તોપના ધડાકા કરતાં પ્રેસની અને જાહેરસભાની ગુમરાણથી અધિકાર વર્ગના મનમાં વધારે ભય ઉત્પન્ન થાય છે. મુસલમાનો રાજકીય ચળવળમાં આધુનિક અને વધારે અસરકારક શસ્ત્રો વાપરવામાં કુશળ નથી. પ્રેસદ્વારા તેમની દાદ ઘણી ઓછી થાય છે અને તેમની દાદ ફરિયાદો રજુ કરવાને તેઓ કવચિતજ જાહેરસભા ભરે છે એ બીનાથી અધિકાર વર્ગે તેમના હકો તરફ તદ્દન બિનકાળજી બતાવી છે. સૌથી જાણીતી બાબત બંગાળાના ભાગલાને લગતી બાબત છે કે જ્યારે બ્રિટિશ રાજ્યનીતિજ્ઞોએ મુસલમાન કોમની તદ્દન અવગણના કરી અને તેમનું હિત જાળવવાને તીવ્ર આતુરતા બતાવી હતી. થોડાજ દિવસની વાતપર

લૉર્ડ રોનાલ્ડશેએ જાહેર કર્યું હતું કે બંગાળના ભાગલા પૂર્વ બંગાળના લોકોની ઇચ્છાને માન આપીને રદ્દ કરવામાં આવ્યા હતા, જો કે તેઓ નામદાર સારી રીતે જાણતા હતા કે મુસલમાનો કે જેઓ પૂર્વ બંગાળની વસ્તીના ૭૦ ટકા છે તેઓ ભાગલા રદ્દ કરવાની વિરૂદ્ધ હતા. બીજા શબ્દોમાં કહીએ તો તે નામદારે કુલ વસ્તીના ૩૦ ટકાના મતને પ્રજામત ગણ્યો અને બાકીના ૭૦ ટકા જે મુસલમાનો છે તેમને કાંઇ પણ વિસાતમાં ગણ્યા નહિ. છતાં તેઓ નામદાર મુસલમાન કોમ તરફ અત્યંત દિલસોજી ધરાવનારા કહેવામાં આવતા થોડા રાજ્યકર્તાઓમાંના એક છે. પણ આટલાથીજ કાંઇ બસ નથી. જામાના કાયદા સૌથી વિશેષ મુસલમાનો પરજ અસર કરે છે કારણ કે રાજ્યદ્વારી રીતે તેઓ એક નિર્બળ કોમ છે અને સામે થવાની શક્તિમાં પચ્છાત પડે છે. વૈદકીય શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે સામે થવાની શકિત જેટલા પ્રમાણમાં કમી હોય તેટલા પ્રમાણમાં ઝેરી રોગ લાગુ પડી જવાનો અને તેને શરણ થઇ જવાનો સંભવ રહે છે. તેજ પ્રમાણે જામાનો કાયદો જે લોકો પર અસર કરતા હોય તેનો અમલ થાય છે. પ્રેસ એકટ અને ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍકટના ઇતિહાસથી એક નિરાધાર અને અરક્ષિત કોમ તરફ જામાના કાયદા કેવી સખ્તાઇથી વાપરી શકાય તે આપણને જણાય છે. હાલના સંજોગોમાં દરેક બ્રિટિશ અમલદાર આપખુદ છે અને તેની અમર્યાદિત સત્તાને જે લોકોપર તેને અધિકાર સોંપવામાં આવ્યો હોય તેમના તરફની ફરજ અને સહજ ન્યાય બુધ્ધિજ મર્યાદા રૂપ છે. જો તે ન્યાય પુરઃસર અને માયાળુપણે વર્તવાને ધારે તો સઘળું ઠીક રહે છે. પણ જો તે નિરંકુશ સત્તાના ઉપયોગની લાલચમાં સપડાય તો તેના ભોગ થઇ પડેલા બિચારા લોકોને માથે હાથ દઇને મરી જવું પડે છે. એ બિનાનો એક અર્થ સૂચક દષ્ટાંત કલકત્તાના હુલ્લડથી મળી આવે છે.

કલકત્તાના હુલ્લડો.

તે હુલ્લડોને લગતી બીનાઓના સંબંધમાં હું ટુંકમાંજ બોલીશ. કારણ કે તેનો સંપૂર્ણ હેવાલ બંગાળા ઇલાકાની મુસ્લીમ લીગે કયારનો પ્રસિદ્ધ કર્યો છે અને બીજો હેવાલ તે હુલ્લડોને લગતા બનાવોના સંબંધમાં કલકત્તામાં તપાસ કરનાર બિનઅધિકારી કમિશને પ્રસિદ્ધ કર્યો છે. એ તો હવે જાણીતું થયું છે કે ગઈ તા. ૨૭મી જુલાઇના 'ઇન્ડિયન

ડેલી ન્યુસ'માં એક પરગ્રાફમાં એક વાકયું હતું જેમાં આપણા પેગમ્બરની પવિત્ર કબરને માટે વાંધા ભરેલો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બંગાળની મુસ્લીમ લીગે એક ઠરાવ કરીને તે લેખ સામે વાંધો જાહેર કર્યો અને લીગના સેક્રેટરીએ તે પત્રના અધિપતિને એક માફીપત્ર પ્રસિદ્ધ કરવા લખ્યું. બંગાળની સરકારનું ધ્યાન તે વાંધા ભરેલા લેખ તરફ ખેંચવામાં આવ્યું હતું. તેણે તેમજ પત્રના અધિપતિએ લીગના વાંધા તરફ કાંઇપણ ધ્યાન આપ્યું નહિ. તે પરથી કલકત્તાના મુસલમાનોએ સમસ્ત ભારતવર્ષની એક સભાની વ્યવસ્થા કરી તેમાં હિન્દના સઘળા ભાગમાંથી પ્રખ્યાત મૌલાનાને નિમંત્રણ કર્યું. ઇસ્લામ તરફ એક સરખા અપમાનો થતાં હતાં તેનો અટકાવ કરવાની અગત્યતાવિષે સરકારને આગ્રહ કરવાના હેતુથી સદરહુ સભા બોલાવવામાં આવી હતી. અને તે તા. ૮ મી, ૯ મી અને ૧૦ મી સપ્ટેમ્બરે ભરવી એવી રીતસરની જાહેર ખબર આપવામાં આવી હતી. તા. ૩૧ મી ઑગસ્ટ સુધી તો સઘળું બરાબર ચાલ્યા કર્યું, જ્યારે કલકત્તાના પોલીસ કમિશનર ત્યાં આગળ આવ્યા અને સભાને લગતી કેટલીક માહિતીની પુછપરછ કરી સઘળી માહિતી પુરી પાડવામાં આવી અને તા. ૩ જી સપ્ટેમ્બરે ગવર્નરે કેટલાક મુસલમાન ગ્રહસ્થો સાથે મસલત ચલાવી, જેમાંના કેટલાકોએ સભાની મના કરવાની સરકારને સલાહ આપી. સભા બોલાવનારાઓએ ગવર્નરને જણાવ્યું કે તે વખતે સભાને બંધ રાખવી એ વસ્તુતઃ અશકય હતું અને સભા બોલાવવાની રજા માટે સઘળી હકીકતો રજુ કરવા સારૂ એક ડેપ્યુટેશન બોલાવવાની માંગણી કરી. આની ના પાડવામાં આવી અને તા. ૪ થી સપ્ટેમ્બરે સભા બોલાવવાની મના કરવામાં આવી અને એક યાદી પ્રસિદ્ધ કરવામાં આવી જેમાં સભાની મના કરવાના કારણો જણાવ્યાં હતાં—તેમાનું મુખ્ય એ હતું કે સભા બકરી ઈદના એક અઠવાડિયા પહેલાં મળવાની હતી અને તેથી સરકારને એવી દહેશત રહે છે કે ઍંગ્લો–ઇન્ડિયન પત્રમાં પ્રસિદ્ધ થયલા વાંધા ભરેલા લેખ માટે વેરને લીધે મુસલમાનો કદાચ હિન્દુઓના ગળાંઓપર છુરી ફેરવે. કુદરતી રીતે લાગણી ઘણી ઉશ્કેરાઈ, અને કેટલાક મુસલમાનોએ સરકારની મનાઇ નહિ ગણકારતાં સભા ભરવાનો નિશ્ચય કર્યો. તા. ૭ મી સપ્ટેમ્બરે મને વચ્ચે પડવા અને સભા બંધ રખાવવાને કહેવામાં આવ્યું, પોલીસ કમિશનરે મને કહ્યું કે જો સભા બંધ રહે તો નામદાર ગવર્નર આગળ એક ડેપ્યુટેશન લઈ જવા દેવાની હું ગોઠવણ કરીશ. અગાઉ જાહેર કર્યા પ્રમાણે તા. ૮ મી એ સભા મળી

હતી અને નામદાર ગવર્નરે જણાવ્યું કે બીજે દિવસે બે વાગે તેઓ ડેપ્યુટેશનને મળશે. લગભગ બપોરે બે વાગે કેટલાક મુસલમાનો ડેપ્યુટેશનનું શું પરિણામ આવ્યું તે જાણવાને સરકારી મહેલ તરફ જવાને માંગતા હતા. તેમને પોલિસે અટકાવ્યા અને પાછા કાઢ્યા અને પાછળથી મુસલમાનોના ટોળાંમાં એક ગોળીબાર કરવામાં આવ્યો જેથી એક માણસ માર્યો ગયો અને બીજા બે ઘાયલ થયા. તુરતા તુરત હુલ્લડ શરૂ થયું. આવા સંજોગોમાં થાય છે તેમ શહેરના તોફાની લોકોને લુંટફાટ માટે તક મળી. લશ્કરવાળાઓને તુરત બોલાવવામાં આવ્યા અને હથિયારબંધ પોલીસ સાથે તેમણે તોફાન શાંત કરવાના ઉપાયો લેવા માંડ્યા. તા. ૧૦મી સપ્ટેમ્બરે એક લશ્કરી સિપાઈ કલકત્તાની સૌથી મોટામાં મોટી મસીદમાં ધુસી ગયો. નિર્દોષ લોકો પર જે સૌથી ગેરવ્યાજબી હુમલાઓ કર્યા છે તે માટે લશ્કરી સિપાઇઓ જોખમદાર છે; એક સિપાઇએ એક મુસલમાનને ગોળીથી મારી નાંખ્યો અને આઠ જણને ઘાયલ કર્યા જેમાં એકને સખત ઈજા થઇ હતી. હુલ્લડમાં કેટલા માણસો માર્યા ગયા તેનો કોઈએ બરાબર અડસટો કાઢ્યો નથી. પણ લોકોના ગણવા પ્રમાણે ૫૦૦ થી ૧૦૦૦ માણસો માર્યાં ગયાં હતાં. આ હુલ્લડને લગતી બે બીનાઓ ખાસ ધ્યાનમાં લેવાની છે. પ્રથમ એ કે હુલ્લડ સરકારી મનાઇના હુકમની અવગણના કરીને લોકોએ સભા ભર્યાને લીધે ન હોતું; પહેલે દિવસે મુદ્દલ સભા હતી નહિ અને ઘણું ખરૂં પછીના બે દિવસો એ પણ મળતે નહિ. લોકો માત્ર ગવર્નરને સભા ભરવા દેવાને આજીજી કર્યા કરતા હતા અને તેનો એટલીજ ચીવટાઇથી અટકાવ કરવામાં આવતો હતો. અને જ્યારે ઉત્સાહીઓમાંના કેટલાક વધારે ઉત્સુકો ગવર્નરનો નિર્ણય સાંભળવાને સરકારી મહેલ તરફ જવા માંગતા હતા તેમને પોલીસ તરફથી અટકાવ કરવામાં આવ્યો અને ઉશ્કેરાયલા લોકોપર સીધો ગોળી બાર કરવામાં આવ્યો ને એ પ્રમાણે કલકત્તાના ઇતિહાસમાં સૌથી શોકજનક હુલ્લડ ઉભું કર્યું. બીજું, સરકારે સભાની મના કરી ત્યારથી સભા ભરવા દેવાની રજા આપવાને આપણે ગવર્નરને પુનઃ પુનઃ આગ્રહ કરતા હતા અને સઘળું કામ શાંતપણે અને વ્યવસ્થિત ચલાવવામાં આવશે, વકતાઓ સંભાળ પૂર્વક ચુંટવામાં આવશે અને સભાનું કામકાજ યોગ્ય અંકુશ હેઠળ મુકવામાં આવશે એવી ખાતરી આપવાને અમે તત્પર હતા. છેલ્લે દિવસે મેં લોકોને વસ્તુસ્થિતિ અને સરકારના હુકમોને તાબે થઈ શાંતપણે વિખેરાઈ જવાનું કહેવા માટે મને દશ મિનિટ બોલવાની પરવા-

નગી આપવા નામદાર ગવર્નરને મેં અંગત વિજ્ઞપ્તિ કરી પણ સરકારનો નિર્ણય ફરી શકે તેમ ન હતો. વ્હાલી ઈજ્જતની ખાતર તેમણે પોતાનો અસલ નિર્ણય પકડી રાખ્યો. આ ચીવટાઇના પરિણામે ઘણા માણસો માર્યા ગયાં, જેથી કોઈ પણ સહૃદય માણસને શોક થશે.

બિન અધિકારી કમિશને જે પુરાવો નોંધ્યો હતો તેમાં પોલિસે અને લશ્કરી ખાતાવાળાઓએ કરેલા અત્યાચારો માલમ પડ્યા હતા. અને છતાં સરકારે એવો ઠરાવ પ્રસિધ્ધ કરવાની હિમત કરી હતી જેમાં તેઓએ સરકારી અમલદારોને સઘળા દોષથી મુક્ત કર્યા હતા અને લશ્કરી સિપાઇઓની તેમજ પોલીસની ભારે પ્રશંસા કરી હતી. ઘણા થોડાજ વખતની વાત પર સેક્રેટરી ઑફ સ્ટેટે લૉર્ડ રોનાલ્ડશેને પોતાના નિર્ણય માટે જાહેર રીતે ધન્યવાદ આપ્યો અને બંગાળની સરકારે પોલીસની જે પ્રશંસા કરી હતી તે તરફ સંમતિ જાહેર કરી હતી. કોઇને પણ સહજ પુછવાનું મન થાય કે આવી બાબતમાં અધિકાર વર્ગનો મત પ્રજામતથી આટલો બધો જુદો કેમ પડે છે? તેનું કારણ સ્પષ્ટ છે. કલકત્તાના મહોલ્લાઓમાં પોલીસો શું કરતા હતા તે સેક્રટરી ઑફ સ્ટેટે કે ગવર્નરે કોઇએ નજરોનજર જોયું નહોતું. ગવર્નર માહિતી માટે પોલીસ પર આધાર રાખે અને તે કોઇ પોતાની વિરૂધ્ધ રીપોર્ટ કરે નહિ. અધિકાર વર્ગની રીત પ્રમાણે અધિકારી દ્વારા જે રીપોર્ટ આવે તે જાણે બ્રહ્મ વાક્ય નહિ હોય તેમ સ્વીકારવામાં આવે છે અને તેથી કાંઈ વિરૂધ્ધ હોય તે તદ્દન જુઠાણું નહિ તો સત્ય હકીકતથી વિપરીત ગણવામાં આવે છે. પણ ખરી હકીકતો તો જે હોય છે તે રહે છે, અને લોકો અજાયબ પામે છે કે ખોટું કરનારાઓને શિક્ષા નથી એટલુંજ નહિ પણ લોકો પર ગુજરેલા જુલમ માટે તેમને ઇનામ આપવામાં આવ્યા છે. જો અધિકારીઓને અંતઃકરણ હોય તો ઠેકરેના શબ્દોમાં સમજાવે કે " આ જુઠાણાથી આપણે કોને છેતરવા માંગીએ છીએ, આપણને પોતાને કે ઇશ્વરને?"

જુઠાણાની આવીજ પધ્ધતિ આખા દેશમાં ચાલી રહી છે. બ્રિટિશ અધિકારીઓ લોકોના સમાગમમાં આવતા નથી, જો કે ખુદ પોતાના દેશબંધુઓના જુલમ સામે લોકોના તેઓ ખરા રક્ષક હોવાનો દાવો કરે છે. સમાજમાં સૌથી ઉચ્ચ દરજ્જો ધરાવતો હિન્દી હિન્દ ખાતે આવેલા એક તદ્દન સાધારણ ઍંગ્લો ઇન્ડિયનની મુલાકાત લેવા જાય પણ આ મુલાકાત ફરી પાછી વાળવામાં આવે નહિ. જે સઘળું આપણે કરીએ છીએ અને કહીએ છીએ તે માટે અધિકાર વર્ગે પોલીસના રીપોર્ટ

અથવા તો મુલાકાતો દરમિયાન એકઠી કરેલી માહિતી પર આધાર રાખવાનો છે. આ રીપોર્ટ અને માહિતી વારંવાર ખરી હોય છે પણ કેટલીક વખત ખોટી હોય છે. જો તે કોઈ ચોકકસ માણસની વિરૂધ્ધ હોય તો તે વિરૂધ્ધ રીપોર્ટનો ખુલાસો કરવાની તે માણસને તક રહેતી નથી અને વખત જતાં તેની સરકારી દફતરોમાં કાયમની નોંધ થઈ જાય છે. સમય વીતતાં જેમ છોડવા પર લીલ જામે છે તેમ તેમાં બહારની અસરો જમે થાય છે અને એકાદ જાપ્તાના કાયદાના ઠરાવથી અધિકારીના ક્રોધ અને નાખુશીની તેને ઘણી મોડી જાણ થાય છે.

નજર કેદ.

એક તરફી રીપોર્ટ ઉપર અંધ શ્રધ્ધા રાખ્યાના પરિણામે સરકારે સૌથી શોચનીય અને દુઃખકર ભૂલ કરી છે તે નજરકેદની નીતિનો અખ્ત્યાર કર્યાની છે. આપણા સૌથી માનનીય અને વિશ્વાસ પાત્ર નેતાઓમાંના કેટલાકની સ્વતંત્રતા, એક આપખુદ સત્તાના અમલ થી છીનવી લેવામાં આવી છે અને તે સામે સમસ્ત દેશમાં ન્યાય પુરઃસર ક્રોધ પ્રદર્શિત થયો છે. **મહુમદઅલી** અને **શૌકતઅલી, મૌલાના મહમદુલ હસન** અને **મૌલાના કાલમ અઝદ** અને બીજા ઘણાઓની બાબત એકદમ સઘળાના મનમાં યાદ આવશે, આ સઘળા વર્ષોથી આપણે તેમના છુટકારા માટે દરેક કાયદેસર ચળવળ કરતા આવ્યા છીએ પણ તે સર્વે નિરર્થક નીવડી છે. આપણે વારંવાર દર્શાવેલા વાંધાથી અધીકારવર્ગ રોષે ભરાયા છે અને તેના ભોગ થયલાની સંખ્યા વધતી ગઈ છે. થોડાજ દીવસની વાતપર બર્માના કેટલાક આબરૂદાર વેપારીઓને તે દેશ છોડી ચાલ્યા જવાનો હુકમ કરવામાં આવ્યો હતો અને જોકે તે હુકમ અત્યાર આગમચ ખેંચી લેવામાં આવ્યો છે તોપણ તેના ભોગ થઇ પડેલાને નિરૂપાય નુકસાન વેઠવું પડયું છે. આ નીતિથી હીન્દમાં મુસલમાનોના મન પર કેવી અસર થાય છે તેનો આપણા રાજ્યકર્તાઓને ખ્યાલ આવતો નથી અથવા તેઓ એમ ધારેછે કે એક તાબાની પ્રજાની લાગણીઓનો નિભયપણે તુચ્છકાર કરી શકે. પણ મુસલમાનોની લાગણી આજ શું છે અને થોડા વર્ષ અગાઉ શું હતી તેની સરખામણી કરવાને હું તેમને કહું છું અને તેઓ ખરેખર આ દેશમાં બ્રીટીશ રાજ્યનું હીત જાળવે છે કે કેમ તે વીષે વીચાર કરવાને આગ્રહપૂર્વક વિનંતિ કરૂં છું. તેઓ સમજી શકે એવી ભાષામાં હું કહેવા માંગું છું કે તેઓ મુસલમાનોને ધીમે ધીમે નીરાશાની સીમાએ લઇ જાય છે. ને આપણે માત્ર એટલીજ

આશા રાખીએ કે તેઓ વખતસર ડહાપણ વાપરશે અને હીન્દના વફાદાર મુસલમાનોના મનમાં અસંતોષ અને બેદીલીની કાયમની લાગણી દાખલ થતી અટકાવશે.

ખલીફાત.

ખલીફાતનો ભવીષ્યનો ઉલ્લેખ કર્યા પછી તેમણે વધુ જણાવ્યું કે ખરેખરા ભયના સમયમાં પણ બીન મુસલમાનો નીષ્ફળ નીવડયા નથી એ હાલના બનાવો પરથી સિદ્ધ થાય છે. કલકત્તાના હુલ્લડો દરમિયાન એક હીંદુ પત્ર—બગવાન અમૃતબઝાર પત્રીકાએજ કે જેણે બીચારા મુસલમાનોનો પક્ષ લીધો હતો અને જેના પોતાના માસીકો હીન્દરક્ષણના કાયદાના ઠરાવોના સખત અમલથી દાબી દેવામાં આવ્યા હતા. અમૃત બઝાર પત્રીકાનો અને બંગાળમાં મારવાડી કોમના વાજીંત્ર ભારતમીત્રનો આપણી કોમની બજાવેલી સેવામાટે તથા બંગાળના હીન્દુઓ કે જેઓ સલાહ અને મદદ આપવા હમેશ તત્પર હતા તેમનો જાહેરરીતે ઉપકાર માનવાની હું આ તક લઉં છું, હીન્દુ નેતાઓના સહકારથીજ આપણે કલકત્તાના હુલ્લડને લગતા સંજોગોની તપાસ કરવા સારૂ એક કમીશન નીમી શકયા. આ બીના હું કાંઇ મગરૂબીથી વર્ણવુંછે તે માત્ર એટલુંજ બતાવવાને કે હીંદુ મુસલમાનો કાંઈ હમેશાં એકમેકના ગળાં કાપતા નથી પણ એક બીજાને સંગીન મદદ અને ટેકો આપી શકે છે. ખુદાતાલાએ આપણાપર જેમને અધીકાર આપ્યો છે તેમના સંબંધમાં પણ મારે કાંઈક ઇસારો કરવાનો છે. અંગ્રેજોની હીન્દ અને તેની પ્રજા પ્રત્યે શું ફરજ છે તે શીખવવાનું કામ કાંઇ મારૂં નથી. ઈંગ્લાંડ હવે દુનીયાના સઘળા દેશો કરતાં વસ્તુતઃ સૌથી વિશેષ બળવાન્ છે અને દુનિયાની પ્રજામાં પોતાના યશસ્વી સ્થાનનો વીચાર કરતાં અંગ્રેજોના મનમાં કદાચ અયોગ્ય અભિમાન અને મગરૂબી ઉત્પન્ન થાય. આપણા રાજ્યકર્તાઓએ પોતા માટે ખરી હકીકતો નક્કી કરતા શીખવું જોઇએ અને હીન્દુસ્તાનના કાર્ય માટેની માહિતી માટે માત્ર પોલીસ રીપોર્ટ અને અધીકાર અથવા ઇલ્કાબોની શોધમાં ફરનારોઓપર આધાર રાખવો જોઇએ નહી. આ ખોટા મીત્રોમાં સત્ય કહેવાની પ્રમાણીકતાની ખામી હોય છે; તેઓ સરકારને સંતોષ અને સલામતીની ખોટી લાગણીમાં નાંખી દે છે અને તેઓ બ્રીટીશ હીન્દી રાજ્યના ખરેખરા સૌથી મોટા શત્રુ છે. કેળવાયલા હીન્દીઓ કદાચ સખત ટીકા કરતા હશે પણ તેમનો એક આશય હમેશાં એવોજ છે કે બ્રિટિશ રાજ્ય વાહવટનું બંધારણ વિશાળ કરવું જેથી હિન્દ અને

ઇંગ્લાંડ ઉભયના હિત માટે હિન્દમાં બ્રિટિશ રાજ્યને ખુદાતાલા નિર્માણ કરે તેટલું ચિરજીવન મળે. કેટલાક અંગ્રેજો એવું અભિમાન રાખે છે કે હિન્દમાં બ્રિટિશ રાજ્યનો કદાપિ અંત આવી શકે નહિ. આ અત્યંત મૂર્ખાઇ ભરેલો ભ્રમ છે. માત્ર ઇશ્વરી રાજ્યજ અનન્તકાળ સુધી ટકી રહે જ્યારે માનુષિક રાજ્યોની તો ચઢતી પડતી થયા કરશે અને તે આદિકાળથી થતુંજ આવ્યું છે. અહીં ભૂતકાળની નષ્ટ થયલી દિલ્હીની કીર્તિના ઝાંખા સ્મરણોની મધ્યમાં ઉભા રહેતાં મનુષ્યની શૂન્યતા અને મનુષ્ય સિધ્ધિઓની નિઃસારતાનું પ્રબળ ભાન થાય છે. દુનિયાના સૌથી બળવાન રાજ્યોએ અહીંઆ પોતાનો અમલ રાખ્યો છે પણ તે સઘળા સ્વપ્નની માફક અદ્રસ્ય થઈ ગયા છે અથવા તો સ્વપ્નની નિરાધાર રચનાની માફક તેના ભાંગીને ટુકડે ટુકડા થઇ ગયા છે. તેટલા માટે ઇંગ્લાંડે હિન્દમાં પોતાનું રાજ્ય એવી રીતે રચવું કે જ્યારે તેના રાજ્યપર ઇતિહાસ લખવામાં આવે ત્યારે તેને તેના સ્મરણ લેખથી શરમાવવું પડે નહિ. હિન્દ તરફની આર્થિક નીતિ સુધારીને તેણે પોતાના સ્ટેટયુટો સુધારવા જોઇએ. જાપ્તાના કાયદા ઝાર કે કૈસરના હાથમાં સગવડ ભરેલા શસ્ત્રો થઇ પડે પણ સંસ્કૃતિ પામેલા રાજ્યકર્તાઓ માટે તે છાજતા નથી. પ્રેસ ઍકટ અને આર્મસ ઍકટ એકદમ રદ્દ કરવા જોઇએ અને ડિફેન્સ આફ ઇન્ડિયા ઍકટ સંપૂર્ણ પણે નાબુદ કરી નાંખવા જોઇએ કે જેથી તેની પાછળ કાંઇ પણ અનિષ્ટ ચિન્હો રહે નહિ. સત્યને માટે બળપર એક સંપૂર્ણ વિજય મેળવવામાં ઇંગ્લાંડે સૌથી માનનીય અને પ્રખ્યાત ભાગ ભજવ્યો છે એવી અંગ્રેજોને હમેશા મગરૂબી થાય છે. **જે સિધ્ધાંતોને માટે ઇંગ્લાડ આટલું બધું રક્ત સિંચન કરવાનો અને દ્રવ્યનો ભોગ આપવાનો દાવો કરે છે તેજ સિધ્ધાંત તેના વિજયના સમયે હિન્દના વહિવટને લાગુ પાડવાની શું તે ના પાડશે વારૂ?** બ્રિટિશ હથિયારોને જે વિજય પ્રાપ્ત થયો છે તેથી હિન્દીઓના મનમાં કુદરતી રીતે મગરૂબી અને ઉચ્ચ આકાંક્ષા ઉત્પન્ન થાય છે. આપણે આશા રાખીએ છીએ કે હિન્દમાં સ્વરાજ્યનું એક સંગીન પગલું દાખલ કર્યાથી તે આકાંક્ષાઓ સિધ્ધ થશે અને આ આશાઓ વિશાળ પણે પરિપૂર્ણ થશે.

સૌથી પહેલાં આપણા રાજ્ય કાર્તાઓએ કેળવાયલા વર્ગ તરફ શંકા અને તિરસ્કારથી જોવાની તેમની અગાઉની નીતિનો ત્યાગ કરવો જોઇએ. કેળવાયલા હિન્દીઓ તેમના બીજા કમનસીબ બંધુઓ તરફ સહાનુભૂતિ ધરાવતા નથી એમ કહેવું એ એક ઘોર નિન્દા છે. કેળવાયલા હિન્દી-

ઓને જન સમાજ પ્રત્યે કેટલી લાગણી છે તે હિન્દી રાષ્ટ્રીય સભા અને મોસ્લેમ લીગના દફતરોથી સંપૂર્ણ રીતે પુરવાર થઇ શકે છે. જો આપણામાં આપણા દેશ બંધુઓ માટે લાગણી ધરાવવા જેટલી પણ શકિત હોય નહિ તો તે અમાનુષિક અને અસ્વાભાવિક ગણાય. તેઓ આપણા હાડમાંસ બરાબર છે, તેમનામાં આપણે જન્મ પામ્યા છીએ, તેમનામાં આપણે જીવન ગાળીએ છીએ, તેમનામાંજ હાલીએ ચાલીએ છીએ અને તેમના વડેજ અસ્તિત્વ ભોગવીએ છીએ. **બર્કના** અર્થસૂચક શબ્દોમાં કહીએ તો તેઓ આપની ભવિષ્યની પ્રજાના આશાસ્પદ છે, અને આપણા પૂર્વજોનું કાર્ય પણ તે ભવિષ્યની પ્રજા તેમનામાંજ જુએ છે. જ્યારે **બીહાર**ના ખેડુતોપર ત્યાંના બગીચાવાળાઓ જુલમ ગુજારી તેમને ચગદી નાંખતા હતા ત્યારે તે બિચારા ખેડુતોના છુટકારા માટે **મી૦ ગાંધી** દોડી ગયા હતા અને નહિ કે કોઇ એંગ્લો–ઇન્ડિયન સ્વરાજ્ય માટેની આપણી માંગણીઓમાં આપણે વગ અને અધિકાર મેળવવાની અપેક્ષા રાખીએ એ સ્વાભાવિક છે. પોતાની ઉન્નતિ કરવાની ઇચ્છા રાખવી એ તો મનુષ્ય સ્વભાવ છે અને આપણે કદીએ એવો દાવો કર્યો નથી કે આપણે મનુષ્ય કરતાંઅધિક છીએ. પણ સુધારાની સઘળી માંગણીઓમાં આપણી દષ્ટિ હમેશાં ઘણા વિશાળ પટપર—ઉછરતા લાખો લોકો જેઓ દિન પરદિન દુઃખ અને લાચારી કુંડમાં વધારેને વધારે ઉંડા ડુબતા જાય છે તેમનાપર અવલંબી રહી છે. વાસ્તે આપણા રાજ્યકર્તાઓએ એવી કોઇ પણ જાતની દહેશત રાખવી નહિ કે હિન્દીઓને સત્તા સોંપવાથી હિન્દના લાખો શાંત લોકો પર આફત આવી પડશે. **તેમણે ખાતરી રાખવી કે કેળવાયલા હિન્દીઓને જે સત્તા સોંપવામાં આવશે તે માત્ર સ્વાર્થી હેતુઓ માટે નહિ પણ સામાન્ય હિતને ઉદ્દેશીને વાપરવામાં આવશે.**

ઇસ્લામનું ભવિષ્ય

મારા ધ્યાન પ્રમાણે તુર્કીના ભવિષ્યનું નિર્માણ થઇ ચૂકયું છે. ભૂતકાળમાં તુર્કી તરફ યુરોપીયય રાજ્યોની મિત્રતા ભરી લાગણી હતીજ નહિ અને વસ્તુ પ્રકૃતિ અનુસાર એજ સ્થિતિ સંભવિત હતી. આપણા ધર્મના પવિત્ર સ્થાનોના રક્ષણમાટે ઇસ્લામ વીરોએ રચેલી દિવાલ પર ખ્રિસ્તી પ્રજાનાં અસંખ્ય ટોળાંઓ ઉલટાવનારી અને સેલામિસ અને નાઇલનદીના તરંગો ને રકતથી રંગનારી અનાદિ કાળથી ઉતરી આવેલી વિરૂદ્ધતાથી અનેક સૈકાઓ વહી જવા છતાં પૂર્વ અને પશ્ચિમનો

સંબંધ ક્વચિતજ મુક્ત હોય છે. એ વૈર બે પ્રકારની સંસ્કૃતિ અને જીવનની દૃષ્ટિની વિરૂદ્ધ ભિન્નતાથી જન્મ પામ્યું છે, અને મનુષ્યને મનુષ્યથી જુદા પાડનાર સર્વ સંભવિત કારણો પર રચાયલું છે. આ તકનો લાભ લઇને જો તેઓ તુર્કી અને તેને સંબંધ ધરાવનારા પ્રશ્નોનો અંતિમ નિર્ણય કરી નાંખે તો હું આશ્ચર્ય પામીશ નહિ. અને આપરથી જ આપણને પુષ્કળ મનન કરવાનું કારણ મળે છે. જેમ જેમ વર્ષો વહી જાય છે તેમ તેમ હિન્દના મુસલમાનોની સ્થિતિ વધુ બારીક થતી જાય છે અને તેથી આપણને કાળજી પૂર્વક વિચાર કરવાની જરૂર પડે છે. મ્હારા નમ્ર અભિપ્રાય પ્રમાણે દીન અને શુધ્ધ અંતઃકરણથી પ્રભુ તરફથી સહાય અને માર્ગપ્રદર્શન મેળવવા માટે આપણે પ્રાર્થના કરવી જોઇએ અને અન્ય કોમો પ્રતિ કોઈ પણ પ્રકારની વૈર કે વિરૂધ્ધતાની લાગણીનો ત્યાગ કરી આપણા દુઃખ અને સંતાપમાં તેમની સહાય લેવાની સર્વોપરિ જરૂર છે. કેટલાક મુસલમાનો એમ ધારે છે કે વિધર્મીઓ પ્રતિ અક્ષમતા રાખવી એ શૌર્યનું લક્ષણ છે અને તેથી વિરૂધ્ધના લાગણી એ માત્ર નામર્દાઈ છે. મને કેટલાક એવા પણ મુસલમાનોનો પ્રસંગ પ્રાપ્ત થયો છે કે જેઓ વિધર્મી પ્રત્યે દુશ્મનાવટની વૃત્તિ રાખવામાં આનંદ માને છે. પારણામની ા્યતા ાવના વિધર્મી પ્રત્યે યુધ્ધ પ્રવૃત્ત રહેવું તેમાંજ જાણે ઇસ્લામ પ્રત્યે ભક્તિભાવ સમાઈ ન જતો હોય ! આ માત્ર નૈતિક નિયમોથી નિંદ્ય છે એટલુંજ નહિ પરંતુ એક ગંભીર રાજ્યદ્વારી ભૂલ છે. ઇતિહાસમાં નહિ નોંધાયલી એવી અત્યંત બળવાન્ દુરાગ્રહી સત્તાની સામે જ્યારે બાથ ભીડવાની જરૂર પડશે એવી સ્થિતિ વધારે ને વધારે આપણી સમીપ આવે છે. તે સમયે આપણું સર્વ બળ અને આપણા વિધર્મી બંધુઓની એકતા અને સહાયની જરૂર પડશે. અનુભવથી આપણને પ્રત્યક્ષ થયું છે કે સાધારણ ઈચ્છા બતાવવાથીજ એ સહાય આપણને મળી શકે છે. એ ડહાપણ ભરેલો માર્ગ પકડી આપણા વિધર્મી બંધુઓની સહાય મેળવી આપણા હાથ બળવાન્ કરીશું કે મૂર્ખતાથી અરસપરસના કલહ અને વિરૂધ્ધતાથી આપણું સર્વ બળ ગુમાવીશું ? આપણી પ્રજાના ભવિષ્યનો નિર્ણય કરવાનું આપણાજ હાથમાં છે અને તે નિર્ણય ડહાપણ ભરેલીરીતે કરવામાં પ્રભુ આપણને સહાય કરો.

સમાપ્ત.